Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 222 Dt.29-06-2022 (Wednesday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# મહારાષ્ટ્રમાં કાલે શક્તિ પરીક્ષણ: શિવસેના સુપ્રીમના શરણે



## ગવર્નરના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારતી શિવસેના: આજે સાંજે પાંચ વાગ્યે સુપ્રીમમાં તાકીદની સુનવણી

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્ર સરકાર બળવાખોરીને કારણે સંકટમાં મુકાઇ ગયા બાદ લાંબા સમયથી ચાલી રહેલા રાજકીય સંકટનો આવતીકાલે આખરી તબક્કો શરૂ થઇ રહ્યો છે. ગવર્નર ભગતસિંહ કોશિયારીએ આવતીકાલે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવા અને ઉધ્ધવ ઠાકરેનાં નેતૃત્વ હેઠળની મહાવિકાસ અઘાડી ગઠબંધન સરકારને બહુમત પુરવાર કરવાનો આદેશ આપ્યો છે. બાગી ધારાસભ્યો પણ આવતીકાલે મુંબઈ પહોંચી રહ્યા છે અને વિધાનસભાના ખાસ સત્રમાં હાજરી આપશે. આ રીતે મહારાષ્ટ્રનો રાજકીય ડખ્ખો હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયો છે. ઉધ્ધવ ઠાકરે આવતીકાલની કઠોર અગ્નિ પરીક્ષામાંથી પસાર થઇ શકશે કે કેમ એ અંગે રાજકીય નિષ્ણાંતો અલગ- અલગ મત વ્યક્ત કરી રહ્યા છે. શિવસેનાએ ગવર્નરનાં આદેશને આજે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. શિવસેનાનાં ધારાશાસ્ત્રીઓની વિનંતીને માન્ય રાખી સુપ્રીમે તાત્કાલિક સુનવણી હાથ ધરવા તૈયારી બતાવી છે. આજે બુધવારે સાંજે પાંચ વાગ્યે શિવસેનાની ખાસ અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનવણી થશે.

છેલ્લા લાંબા સમયથી શિવસેનામાં સર્જાયેલા બળવાને લીધે રાજ્યની મહાવિકાસ અઘાડી ગઠબંધન સરકાર સૌથી મોટી રાજકીય કટોકટીની આંધી વચ્ચે ઘેરાયેલી છે. એકનાથ શિંદેની આગેવાનીમાં લગભગ ૪૦ જેટલા ધારાસભ્યોએ શિવસેનાનાં નેતૃત્વ સામે બળવો પોકારતા મહારાષ્ટ્રમાં લાંબા સમયથી રાજકીય અફરાતફરી સર્જાઈ છે. પણ ગવર્નરના આદેશને પગલે એકાએક રાજકીય સંકટમાં નવી વળાંક આવ્યો છે. આવતીકાલે ગવર્નર કોશિયારીએ ફ્લોર ટેસ્ટ માટે વિધાનસભાનું ખાસ એક દિવસીય સત્ર બોલવવાનો આદેશ આપતા શિવસેનાનો બાગીજૂથ હરખમાં આવી ગયું છે. જયારે ઉધ્ધવ ઠાકરે માટે સરકાર બચાવવાનો પડકાર ઉભો થયો છે. એનસીપી અને કોંગ્રેસના ટેકાથી ચાલતી શિવસેનાની ગઠબંધન સરકાર માટે ફ્લોર ટેસ્ટની અગ્નિ પરીક્ષા ખૂબ કઠીન બની રહેશે. તેમ માનવામાં આવે છે.

જો કે આજે શિવસેનાએ વળતું પગલું લઈને ગવર્નર કોશિયારીનાં ખાસ સત્ર બોલાવવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. સુપ્રીમ કોર્ટમાં શિવસેના તરફથી ખાસ અરજી કરવામાં આવી છે. શિવસેના તરફથી કેસ રજુ કરવા માટે જાણીતા ધારાશાસ્ત્રી અને કોંગ્રેસનાં નેતા અભિષેક મનુશિંઘવી તથા શિવસેનાનાં સુનીલ પ્રભુ સુપ્રીમ કોર્ટ પહોંચી ગયા છે. આ કેસની સુનવણી તાત્કાલિક રાખવા શિવસેના તરફથી થયેલી અપીલ સુપ્રીમ કોર્ટે ગ્રાહ્ય રાખી છે. આજે સાંજે પાંચ વાગ્યે જ સુપ્રીમમાં આ મુદ્દા પર સુનવણી

(અનુ.પાના નં.૪ ઉપર)

# બગદાણામાં મેઘરાજાની જોરદાર પધરામણી: ૬ ઇંચ વરસાદ



બગડ ડેમ ઓવરફ્લો થયો, મહુવા અને તળાજા સુધીનાં માર્ગો બંધ: નીચાણવાળા વિસ્તારોમાં હાઈએલર્ટ જાહેર

## સુરતમાં પણ બુધવાર સવારથી ધોધમાર વરસાદ શરૂ: રાજયમાં અન્યત્ર ચોમાસું બ્રેક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં લગભગ વિસ્તારોમાં લો-પ્રેશર ઘટવાથી વાતાવરણ ચોખ્ખું અને વાદળ વિહોણું રહ્યું હતું ત્યારે બીજીતરફ સૌરાષ્ટ્રનાં ભાવનગર જિલ્લાનાં બગદાણા અને સુરતમાં બુધવાર સવારથી ધોધમાર વરસાદ તૂટી પડ્યાનું નોંધાયું છે. બગદાણામાં મેઘરાજાએ જોરદાર પધરામણી કરી છે અને સાડા ત્રણ કલાકમાં ૬ ઇંચ જેવો વરસાદ ખાબકતા બગડ ડેમ ઓવરફ્લો થઇ ગયો છે. નદીમાં ઘોડાપુર આવતા નીચાણવાળા વિસ્તારોમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભાવનગર શહેર અને જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં ગઈકાલથી છૂટોછવાયો વરસાદ

(અનુ.પાના નં.૪ ઉપર)

# બિહારમાં વીજળી પડવાથી ૨૨ના મોત



## ૪–૪ લાખની આર્થિક સહાયની ઘોષણા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૨૯

બિહારમાં ચોમાસાની સીક્રિયતાથી ગરમીમાં લોકોને રાહત મળી છે. સાથે સાથે યુપી અને બિહારમાં અલગ અલગ જગ્યાએ વીજળી પડવાથી કુલ ૨૭ લોકોના મોત થયા છે. ગાજવીજ સાથે મંગળવારે સાંજે ઉતરપ્રદેશમાં ભારે વરસાદને પગલે જુદા જુદા ઠેકાણે વીજળી પડતા કુલ ૧૧ લોકોના મોત થયા છે. જેમાં મિર્ઝાપુરમાં ૪, વારાણસીમાં બે કિશોર સહિત બલિયા અને ભદોહીમાં બે-બે વ્યક્તિના જીવ ગયા હતા.

વીજળી પડવાથી બિહારના ૭ જિલ્લામાં ૧૬ લોકોના મૃત્યુ થયા હતા. જેમાં ચંપારણમાં ૪, ભોજપુર-સાટલામાં ત્રણ-ત્રણ, પશ્ચિમી ચંપારણમાં બે તથા અરરિયા, બાંકા, મુઝફ્ફરપુર અને સાટલામાં એક-એક વ્યક્તિના મોત થયા હતા. આ દુર્ઘટના પર મુખ્યમંત્રી નીતીશકુમારે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે મૃતકોના સ્વજનો માટે ચાર-ચાર લાખની સહાય જાહેર કરી હતી.(૯)

# દેશમાં ૧લી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ



## ચીજ–વસ્તુઓના ગેરકાયદે ઉત્પાદન, આયાત, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ઉપયોગ પર મનાઈનો અમલ શરૂ કરવા દેશભરમાં તૈયારી

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૨ ના અંત સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકની ચીજ-વસ્તુઓને ઉપયોગમાંથી સંપૂણ પણે દૂર કરવા અપીલ કરી છે એ મુજબ એમના વિચારને સાકાર કરવા માટે દેશભરમાં ૧લી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિકની ચીજ-વસ્તુઓ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો નિર્ણય લેવાયો છે અને તેના કડક અમલ માટે રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે ખાસ કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવ્યા છે.

કેન્દ્રનાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા પ્રતિબંધને લગતો ખાસ આદેશ બહાર પાડવામાં આવ્યો છે. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનાં વર્ષમાં પ્લાસ્ટિકનાં કચરાથી પેદા થતા પ્રદુષણને ઘટાડવાની દિશામાં ભારતે નિર્ણાયક પગલું લીધું છે. ઓછો વપરાશ ધરાવતી અને કચરો પેદા કરવાની વધારે સંભાવના ધરાવતી પ્લાસ્ટિકની ચીજ-વસ્તુઓનાં ઉત્પાદન, આયાત, સંગ્રહ,

**ગેરકાયદે ઉપયોગ પર નજર રાખવા રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે કંટ્રોલરૂમ ઉભા કરાયા**

વિતરણ, વેચાણ અને વપરાશ પર ૧લી જુલાઈથી સંપૂર્ણ પ્રતિબંધ અમલમાં આવશે.

અત્યારે પ્લાસ્ટિકનાં કચરા અને પ્રદુષણની સમસ્યા દુનિયાનાં તમામ દેશો માટે પડકારરૂપ બની છે અને પર્યાવરણ પર તેની ખરાબ અસરો થઇ રહી છે. ૨૦૧૯ માં યુનોની ચોથી પર્યાવરણ સભામાં ભારતે સિંગલ યુઝ પ્લાસ્ટિકની ચીજોથી સર્જાતા પ્રદુષણ તરફ જગતઆખાનું ધ્યાન દોર્યું હતું અને એ સભામાં ભારતે એક ખાસ સંકલ્પ લીધો હતો. યુનોની ૨૦૨૨ ની પાંચમી પર્યાવરણ સભામાં ભારતનાં સંકલ્પ પત્ર સાથે તમામ સભ્ય દેશો જોડાયા હતા તે એક તમામ મોટી સિધ્ધી છે.

પ્રતિબંધની યાદીમાં પ્લાસ્ટિકની ઘણીબધી ચીજ-વસ્તુઓ સામેલ છે. ઈયર બડઝ, ફુગ્ગાઓ માટેની પ્લાસ્ટિકની સ્ટીક, પ્લાસ્ટિકનાં ધ્વજ, કેન્ડી સ્ટીક, આઈસ્ક્રીમ સ્ટીક, સુશોભન માટે પોલીસ્ટેર થર્મોકોલ, પ્લાસ્ટિકની પ્લેટ, કપ, ગ્લાસ, કાંટા ચમચી, છરી, સ્ટ્રો, ટ્રે જેવી કટલેરી, મીઠાઈનાં બોક્સ ફરતી લગાડાતી રેપીંગ કે પેકિંગની ફિલ્મ, ઇન્વીટેશન કાર્ડ, સિગારેટનાં પેકેટ, ૧૦૦ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટિક કે પીવીસીનાં બેનર અને સ્ટીકરનો પણ પ્રતિબંધિત ચીજોમાં સમાવેશ થાય છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ૭ થી ૧૧ વર્ષના બાળકો માટે સીરમની કોવોવેક્સ વેક્સિનને લીલીઝંડી

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૨૯

ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) એ મંગળવારે સીરમ ઈન્સ્ટીટયુટની કોરોના વેક્સિન કોવોવેકસીને કેટલીક શરતો સાથે ૭થી૧૧ વર્ષના બાળકોને ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી આપી છે. આ પહેલા ગત સપ્તાહે સબ્જેકટ એકસપર્ટ કમીટીએ ૭થી૧૧ વર્ષની વયના વર્ગ માટે કોવોવેકસને ઈમરજન્સી ઉપયોગ કરવા માટે ભલામણ કરી હતી.

સીરમ ઈન્સ્ટીટયુટે ૧૬ માર્ચે આવેદન કરેલું. ગત મહિને એકસપર્ટ કમિટીએ કંપની પાસેથી કેટલાક ડેટા માંગ્યા હતા. શરૂઆતમાં સીરમે બે થી ૭ વર્ષના બાળકો માટે પણ કોવોવેકસ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી માંગી હતી, પણ વિશેષજ્ઞ સમિતિએ ૭થી૧૧ વર્ષના બાળકોને આ વેક્સિન આપવાની મંજુરી આપી છે.(૯)

# કેજરીવાલ મોડેલનો અભ્યાસ કરવા ગુજરાત ભાજપની ટીમ દિલ્હીમાં



ગુજરાત ભાજપનાં ૧૭ સભ્યોનું પ્રતિનિધિ મંડળ વિગતવાર ડેટા તૈયાર કરવા સજ્જ

## મોહલ્લા ક્લિનીક, સરકારી શાળાઓનાં આધુનિકરણનો અભ્યાસ કરશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ બિલકુલ નજીક આવી ગઈ છે એવા સમયે અરવિંદ કેજરીવાલ શાસિત નવી દિલ્હીની મોહલ્લા ક્લિનીક અને સરકારી શાળાઓનાં બદલાયેલા કલેવરનો અભ્યાસ કરવા માટે ગુજરાત ભાજપનું એક ખાસ ડેલીગેશન દિલ્હી આવી પહોંચ્યું છે. ૧૭ સભ્યોનું ડેલીગેશન બે દિવસ દિલ્હીમાં રોકાઈને સરકારી શાળાઓ અને મોહલ્લા કલીનીકની મુલાકાત લઇ કેજરીવાલ મોહલ્લા કલીનીકનો અભ્યાસ કરશે. આજે મુલાકાતનાં બીજા દિવસે ગુજરાત ભાજપનાં ડેલીગેશને કેટલીક સરકારી શાળાઓ અને એક મોહલ્લા કલીનીકની મુલાકાત લીધી હતી અને શું પરિસ્થિતિ છે તેનો અભ્યાસ કર્યો હતો.

દિલ્હીનાં નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ જણાવ્યું હતું કે, ભાજપની ટીમ ગુજરાતથી આવી છે એવું મને જાણવા મળ્યું છે. અમે પાંચ ધારાસભ્યોની ટીમ એમના સ્વાગત માટે તૈયાર કરી છે. અમારી ટીમ એમને મોહલ્લા કલીનીક અને શાળાઓની મુલાકાતે લઇ જશે. આપ નાં ધારાસભ્ય આતિશીએ જણાવ્યું હતું કે, અમે એમને શાળાઓ અને

(અનુ.પાના નં.૪ ઉપર)

# આયર્લેન્ડ સામે ૨-૦થી સિરીઝ જીતી



## ઉમરાનની છેલ્લી ઓવરમાં શાનદાર બોલિંગ, હુડાની મેચ વિનિંગ સદી

(એજન્સી સમાચાર)

મુંબઇ: ટીમ ઈન્ડિયાએ બીજી ટી૨૦ મેચમાં આયર્લેન્ડને ૪ રનથી હરાવી સીરીઝ ૨-૦થી જીતી લીધી છે. ભારતે પહેલી ઈનિંગમાં દીપક હુડાની શાનદાર સદી અને સંજુ સેમસનના ૭૭ રનની મદદથી ૨૨૫/૭નો સ્કોર કર્યો હતો. જેના જવાબમાં આયરલેન્ડે ૨૦ ઓવરમાં ૫ વિકેટના નુકસાને ૨૨૧ રન કર્યા હતા. જેથી ભારતે આ રોમાંચક મેચ જીતી લીધી છે. આ દરમિયાન ઉમરાન મલિકે શાનદાર છેલ્લી ઓવર ફેંકી ભારતને મેચ જિતાડી દીધી છે.

આયર્લેન્ડની બેટિંગ દરમિયાન ૮મી ઓવરમાં આયરલેન્ડનો કેપ્ટન બલબર્ની સ્ટમ્પિંગ થઈ

(અનુ.પાના નં.૪ ઉપર)

## અમરનાથની યાત્રાએ પહેલું જૂથ રવાના: આવતીકાલથી બાબાના દિવ્યદર્શન શરૂ


**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**

**મો.9429787729**

**email:-saurashtrakranti@gmail.com**

આત્મનિર્ભર ભારતની દિશામાં વધુ એક વિરાટ કદમ

# સ્વદેશી એન્ટી-ટેન્ક મિસાઈલનું સચોટ સફળ પરીક્ષણ



## ભારતીય સેનાની શક્તિમાં અનેકગણો વધારો, ઘરઆંગણે મિસાઈલ તૈયાર કરવામાં ડીઆરડીઓને અદ્દભુત સફળતા

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૯

ઘરેલું ઉત્પાદનથી માંડીને શસ્ત્ર ઉત્પાદન સુધી ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં એક વધુ વિરાટ કદમ કરવામાં આવ્યું છે. ગઈકાલે ઘરઆંગણે ઉત્પાદિત એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ડીઆરડીઓ અને ભારતીય સેનાએ સચોટ અને સફળ પરીક્ષણ કર્યું હતું. આ રીતે ભારતે સંરક્ષણ તાકાતમાં અનેકગણો વધારો કર્યો છે. અર્જુન ટેન્કમાંથી મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું તેવું સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું.

પરીક્ષણ દરમ્યાન ટેન્ક વિરોધી મિસાઈલથી એકદમ સચોટ રીતે લક્ષ્ય વેધ કરી શકાયો હતો. આ પરીક્ષણ બાદ નજીક અને દૂરનાં અંતર સુધી દુશ્મન પર સચોટ પ્રહાર કરવાની શકિત ભારતીય સેનાએ

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજિટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઇબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

## WhatsApp કરો

### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ


## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો: 90333 44426




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

# હોસ્પિટલ ચોક ઓવરબ્રિજનું કામ પુરજોશમાંઃ ઓગસ્ટમાં ખાતમુહૂર્ત થાય તેવી શક્યતા



(તસવીરઃ રાજેશ ભટ્ટી)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ મહાનગરની ટ્રાફિક સમસ્યા ઉકેલ લાવનાર ઓવરબ્રિજના પ્રોજેક્ટના કામ હાલ ગતિમાં છે. તેમાં સૌથી પહેલો પ્રોજેક્ટ સિવિલ હોસ્પિટલ ચોકના થ્રી આર્મ ફ્લાયઓવરનો પૂર્ણ થવાનો છે. કોરોના કાળ હળવો પડયા બાદ આ બ્રીજની કામગીરી કમિશનર અમિત અરોરાએ ડે-નાઇટ શરૂ કરાવ્યું હતું. જેના પગલે હવે કામ અંતિમ તબકકામાં છે. હોસ્પિટલ ચોકની બરોબર વચ્ચે પીલર ઉભા કરવાનું કામ ધમધમી ઉઠયું છે. અહીં સેન્ટ્રલથી ત્રણે તરફના રસ્તા ઉતરવાના છે. જયુબીલી ચોકથી આ બ્રિજ હવે કેવો બનશે તે દેખાવા લાગ્યું છે. બ્રિજના રસ્તા પરનું કામ શરૂ થઇ ગયું છે. જયુબીલીથી શરૂ કરીને કોઇ વાહન સીધુ જાય એટલે આઇ.પી.મિશન સ્કુલ સુધી ટ્રાફિકનો સામનો કર્યા વગર ઉતરી શકશે. તો જામનગર રોડ તરફ જનારા વાહન ચાલકોને પણ રાહત થઇ જવાની છે. ૮૪ કરોડના ખર્ચે આ બ્રિજનું કામ મંજૂર કરવામાં આવ્યું હતું. પાંચ પૈકી સૌથી પહેલો આ બ્રિજ ખુલ્લો મૂકાવાનો છે. જુલાઇના અંત સુધીમાં આ કામ પુરૂ કરવા તંત્રની તૈયારી છે. ઓગષ્ટમાં તો આ બ્રિજનું લોકાર્પણ થઇ જાય તેવી તૈયારી હાલ કરવામાં આવી રહી છે. નવા બની રહેલા બ્રિજનો જયુબીલી રોડ તરફનો નજારો અને સાઇટ પર ચાલી રહેલી મહત્વની કામગીરી જોવા મળે છે.

## સ્નાનાગાર તેમજ રમત ગમતની વિવિધ સુવિધાઓના મેમ્બરશીપ માટે રજીસ્ટ્રેશન કાલથી શરૂ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની વિવિધ રમત ગમતની સુવિધાઓ જેવી કે સિન્થેટીક એથ્લેટીક ટ્રેક, સિન્થેટીક ટેનીસ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, રેસકોર્ષ જીમ, નાના મવા મલ્ટિ એક્ટીવિટી સેન્ટર લેડિઝ જીમ, શેઠ હાઇસ્કૂલ જીમ તથા સ્નાનાગારો ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ સ્નાનાગાર કોઠારીયા રોડ, મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર કાલાવડ રોડ, લોકમાન્ય તિલક સ્નાનાગાર રેસકોર્ષ, સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર પેડક રોડ તથા જીજાબાઇ મહિલા સ્નાનાગાર શિખાઉ તથા જાણકાર સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે.

ઉપરોક્ત તમામ રમતગમત તથા સ્નાનાગારની સુવિધાઓનું માસિક તથા ત્રિ-માસિક મેમ્બરશીપ માટે રજીસ્ટ્રેશન તા.૩૦ ને શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકથી www.rmc.gov.in પરથી ઓનલાઇન, મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે થઇ શકશે.

### ચોરાઉ બાઇક સાથે સગીર ઝડપાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ નિલકંઠ ટોકિઝ પાછળ મેહુલનગરમાંથી ડીસીપી ઝોન-૧ની એલસીબી ટીમે ઉકેલી એક સગીરને બાઇક સાથે પકડી લઇ વાહનચોરીનો ભેદ ઉકેલ્યો છે. ટીમના કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા અને રવિરાજભાઇ પટગીરને મળેલી માહિતી પરથી મેહુલનગરમાંથી સગીરને બાઇક સાથે અટકાવ્યો હતો અને તેના કાગળો અંગે પુછતા ગલ્લા તલ્લા કર્યા હતા. પોકેટકોપ એપ્લીકેશનમાં સર્ચ કરતા આ બાઇકના માલિક અન્ય કોઇ હોવાનું ખુલતાં વધુ પુછતાછ થતાં સગીરે વાહન ચોરાઉ હોવાનું કબુલતાં કબ્જે કરી તેના વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. ડીસીપી પ્રવિણકુમાર મીણાની રાહબરીમાં પીએસઆઇ વી. કે. ઝાલા, હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા, ધર્મરાજસિંહ જાડેજા, જીતુભા ઝાલા સહિતે આ કામગીરી કરી હતી.

## હત્યા કરવાના ગુનામાં સંડોવાયેલા પતિ-પત્નીનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯



એડવોકેટઃ સાહિસ્તા એસ ખોખર

આ કેસની ફરિયાદમાં જણાવ્યા મુજબની ટુકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પ્રવીણભાઈ કલ્યાણભાઈ રામાની પોતાની માલીકીની જમીન વાવમા માટે છેલ્લા ત્રણ વર્ષથી લોટીયો બહાદુરભાઈ ડાવોર તેમજ તેની પત્ની ભાનુબેનને આપેલ હતી અને ફરિયાદીને ટેલીફોનીક જાણ થયેલ હતી કે ફરિયાદીના ભાગીયા લોટી અને તેની પત્ની ભાનુબેનને લોટીના ભાઈ દીનેશ સાથે કામ કરવા સબબ બોલાચાલી થયેલ હતી. ફરિયાદી ગામના સરપંચ સાથે તેમની વાડીએ ગયેલ હતા તે સમયે લોટી અને ભાનુબેન બંને વાડીએ હાજર હતા.

દીનેશને કોઈ તીક્ષ્ણ હથીયાર વડે ગળા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડેલ હોય અને ખૂબજ લોહી, નીકળે છે તેમજ કાઈ બોલતો ચાલતો ન હોય જેથી દીનેશને રીક્ષામાં બેસાડી જસદણ મુકામે સરકારી દવાખાને લઈ ગયેલ હતા.

જ્યાં ડોકટર દ્વારા દીનેશભાઈની તપાસ કરતા તેઓ મરણ ગયેલાનુ જાણાવેલ હતું. જેથી આરોપીઓ ની ધરપકડ કરવામાં આવેલ અને તેઓ વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ અને કેસ કોર્ટમાં ચાલતા આરોપીઓ સામેની આક્ષેપિત હકીકત પુરવાર થતી ન હોય જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા માંગણી કરેલ હતી. તમામ હકીકતો તેમજ દલીલો ધ્યાને લઈ ફરિયાદી પક્ષ પોતાનો કેસ નિઃશંક પણે સાબિત કરી શકેલ ન હોય જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા કોર્ટે હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રણજીત એમ પટ ગીર તથા સાહિસ્તા એસ ખોખર રોકાયેલ હતા.

## રથયાત્રા અનુસંધાને રાજકોટ શહેર પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક યોજાઇ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

અષાઢી બીજના રોજ રાજકોટ શહેરમાં ભગવાન જગન્નાથ પ્રભુની રથાયાત્રાની ઉજવણી થનાર છે.

જેમાં રાજકોટ શહેર ખાતે ભગવાનશ્રી જય જગન્નાથજી મંદીર ખાતેથી ૧૫ મી રથયાત્રાનું આયોજન થનાર છે.

જે આયોજન પુર્વે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવના અધ્યક્ષ સ્થાને શાંતિ સમીતીની મીટીંગનુ આયોજન કરવામાં આવેલ જેમાં ભગવાન જગન્નાથ મંદીરના મહંતશ્રી ત્યાગી મનમોહન દાસ (ગુરૂ રામકિશોર દાસજી) તથા મંદીરના અન્ય ટ્રસ્ટીઓ, સંચાલકો તથા રથયાત્રા જે જે રૂટ ઉપર પસાર થાય તે વિસ્તારના હિન્દુ - મુસ્લીમ આગેવાનો સાથે રાજકોટ શહેરના પોલીસ અધિકારીઓ દ્વારા શાંતિ સમિતિની મિટિંગ યોજવામાં આવેલ જેમાં અગામી અષાઢી બીજના દિવસે નીકળનાર રથયાત્રા બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને અષાઢી બીજના દિવસે નીકળનાર રથયાત્રાની ઉજવણી શાંતિ પૂર્ણ રીતે અને ભાઇચારાથી ઉજવવા અપીલ કરવામાં આવી હતી.

## વંદે ગુજરાત વિકાસયાત્રા અંગે કલેકટરના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

સમગ્ર રાજ્યમાં આગામી તા. ૫ જુલાઇથી ૧૯ જુલાઇ સુધી વંદે ગુજરાત વિકાસયાત્રાનું આયોજન થયેલ છે. આ યાત્રાનું રાજકોટ જિલ્લામાં થયેલા આયોજન અંગે કલેકટરના અધ્યક્ષ સ્થાને સમિક્ષા બેઠક મળી હતી.

કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવ્યું કે, આ યાત્રા દરમ્યાન માઇક્રોલેવલ પર સેવાસેતુનું આયોજન કરી તેમાં ગ્રામ્ય કક્ષાના લાભાર્થીઓને એકજ સ્થળેથી આયુષ્યમાન ભારત કાર્ડ, પ્રધાનમંત્રી માન-ધન યોજના, કીસાન ક્રેડીટ કાર્ડ, વેકિસનેશન, બાકી રહેલા બાળકોનો શાળા પ્રવેશ જેવી અન્ય યોજનાઓનો લાભ મહત્તમ લાભાર્થીઓને મળે તેવી હિમાયત પણ કરી હતી.

આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ જિલ્લાનાં પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, નગરપાલીકાના ચીફ ઓફીસર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સબંધિત વિસ્તારમાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલા પ્રજાલક્ષી વિકાસ કાર્યો જનતા સુધી પહોંચે તે જરૂરી છે. જે ગામમાં રથના આગમન સ્થળે સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભાર્થીને સહાય વિતરણની કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત ખાતમુર્હૂત - લોકાપર્ણ તેમજ નવા વિકાસ કામોની જાહેરાત પણ કરવા જણાવ્યું હતું.

આજની બેઠકમાં નિવાસી અધિક કલેકટર કેતન ઠક્કર, એન.આર.ધાધલ, ચૌધરી, પ્રાંત અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વોર્ડ નં.૧૧માં રૂ.૩.૯૫ કરોડના વિકાસના કામો મંજુર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરના વિકસિત વિસ્તારો પૈકી વોર્ડ નં. ૧૧ના વિકસિત વિસ્તારોમાં મહાનગરપાલિકાના વિકસિત વિસ્તારોમાં મેયર પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોઓના સાથ સહકારથી વોર્ડ નં.૧૧ના વિવિધ વિસ્તારોમાં ૩.૯૫ કરોડના વિકાસ કામો જેવાકે ભૂગર્ભ ગટર ફરિયાદ નિકાલ, રસ્તા મેટલીંગ, ગાર્ડન ડેવલોપમેન્ટ તથા જાળવણી કરવાના જેવા કામો વગેરે મંજુર કરીને ચાલુ કરવામાં આવ્યા છે.

વોર્ડ નં.-૧૧ના નવા વિકસિત વિસ્તારોમાં વિકાસ કામોની વણઝાર શરૂ કરવા બદલ વોર્ડ નં.-૧૧ કોર્પોરેટરઓ ભારતીબેન ફર્નાન્ડીઝ પાડલીયા, લીલુબેન જાદવ, વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયાએ મહાનગરપાલિકાના શાસકોનો આભાર વ્યકત કર્યો છે.

## ભાણવડ દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે

**(ભુપતગિરી ગોસ્વામી દ્વારા)**

ઢાંક, તા.૨૯

ભાણડવ દશનામ ગોસ્વામી સમાજના વિદ્યાર્થીને સન્માનિત કરવા તથા મહાનુભાવોનું સન્માન સમારોહ આગામી તા.૩ને રવિવારના રોજ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાણવડ દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ ડોકટર તનસુખગિરી ગોસાઈના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)




## ઉપલા કાંઠા વિસ્તારના ઈસ્ટ ઝોન ડોકટર્સ એસો. દ્વારા ટેલેન્ટ શોનું આયોજન




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

ઉપલા કાંઠા વિસ્તારના ઈસ્ટ ઝોન ડોકટર્સ એસોસિએશન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ટેલેન્ટ શોનું આયોજન આગામી તા.૩ને રવિવારના રોજ પેડક રોડ પર સેટેલાઇટ ચોક સ્થિત અટલ બિહારી વાજપેયી હોલમાં રાત્રીના ૮ વાગ્યાથી કરવામાં આવશે. આ આયોજનમાં ઉપલા કાંઠા વિસ્તારના, આ ઉપરાંત રાજકોટના વિવિધ ડોકટર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ, સેક્રેટરી અને નામી ડોક્ટરો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. કાર્યક્રમમાં નાના ભૂલકાઓ તેમજ ડોકટર મિત્રો પોતાની કળા સંગીત, નૃત્ય અને ડ્રામા દ્વારા બતાવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા એસોસિએસનના ચેરમેન ડો. મનોજ ઠેસિયા, પ્રમુખ ડો. પંકજ મીઠાપરા, મંત્રી ડો. ગૌરવ વેકરીયા તેમજ ડો. ભરત ઢોલરિયા, ડો. પાર્થ ઢાકેચા, ડો. અર્જુન ગજેરા, ડો. યતીન પુજારા, ડો. આશિષ ડાભી, ડો. સમીર ખુંટ, ડો. કૌશીક પટેલ, ડો. રશેસ ત્રિવેદી, ડો. અમિત ડોબરીયા, ડો. હિમાંશુ માયાણી અને ડો. નિર્મલ ગજ્જર ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.(૧.૧૭)

## ભગવતીપરામાં ધો-૯ની વિદ્યાર્થીનીનો ગળાફાંસો ખાઇ આપઘાત



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૯:

### મૂળ બિહારના પરિવારમાં અરેરાટીઃ કારણ અકળ રહેતાં પોલીસ તપાસ યથાવત

ભગવતીપરામાં રહેતી ૧૪ વર્ષની વિદ્યાર્થીનીએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

ભગવતીપરાના પરષોત્તમ પાર્કમાં રહેતી સાક્ષી મનોજભાઇ પાલ (ઉ.વ.૧૪)એ સાંજે પંખામાં ચૂંદડી બાંધી દેહ લટકાવી દઇ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પીએસઆઇ કે. યુ. વાળા અને ભાવેશભાઇએ ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ માટે ખસેડયો હતો.

આપઘાત કરનાર સાક્ષી બે ભાઇની એકની એક નાની બહેન હતી અને ધોરણ-૯માં કોટક સ્કૂલમાં ભણતી હતી. આ પરિવાર મૂળ બિહારનો વતની છે. આપઘાત કરનાર સાક્ષીના પિતા મનોજભાઇ પાલ કારખાનમાં મજૂરી કરે છે. સાક્ષીએ આ પગલુ શા માટ ભર્યુ? તે અંગે પરિવારજનો પણ અજાણ હોઇ કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે. પોલીસે આપઘાતનું કારણ જાણવા મથામણ કરી છે.

## એસ્ટ્રોન ચોકમાં એટીએમ તોડવાનો પ્રયાસઃ આરોપી રંગેહાથ ઝડપાયો

### વહેલી સવારે બેંકની હૈદરાબાદની એટીએમ ઇ-સર્વેલન્સ ટીમે ચોરીના પ્રયાસની ગતિવિધીની બેંક અધિકારીને જાણ કરતાં એ-ડિવિઝન પોલીસે સકંજામાં લીધો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા. ૨૯:

શહેરના એસ્ટ્રોન ચોકમાં આવેલા બેંક ઓફ બરોડાના એટીએમને તોડવાનો પ્રયાસ થયો હતો. વહેલી સવારે એક શખ્સ એટીએમ તોડવા અંદર ઘુસતાં જ બેંકની હૈદરાબાદ ખાતેની એટીએમ ઇ-સર્વેલન્સની ટીમને જાણ થઇ જતાં આરોપી દબોચાઇ ગયો હતો.

આ બનાવ અંગે નાના મવા રોડ લક્ષ્મી સોસાયટી-૬ બ્લોક નં. ૩૫-એમાં રહેતાં અને ટાગોર રોડ એસ્ટ્રોન ચોકમાં આવેલી બેંક ઓફ બરોડામાં ક્રેડિટ મેનેજર તરીકે દોઢ વર્ષથી નોકરી કરતાં મનોજભાઇ ભીમજીભાઇ ચોરાડા (ઉ.૪૨)ની ફરિયાદ પરથી એ-ડિવિઝન પોલીસે ન્યારી ડેમવાળા રોડ પર આસોપાલવ સ્કવેર બિલ્ડીંગ ફલેટ નં. ૩૦૩ લગૂન રેસિડેન્સી સામે રહેતાં દર્શન ગોરધનભાઇ વાઘેલા નામના શખ્સ વિરૂધ્ધ ચોરીના પ્રયાસનો ગુનો નોંધી તેને સકંજામાં લીધો છે. હૈદરાબાદ ખાતેની એટીએમ ઇ-સર્વેલન્સ ટીમે આ ચોરીની ગતિવિધીને પકડી રાજકોટ બેંકના આઇટી ડિપાર્ટમેન્ટને જાણ કરી હતી. આ કારણે ચોરીનો ઇરાદો નિષ્ફળ નિવડ્યો હતો. એટીએમ તોડવાનો પ્રયાસ કરનાર શખ્સને પોલીસે રંગેહાથ પકડ્યો હતો. તેણે પોતાનું નામ દર્શન ગોરધનભાઇ વાઘેલા (કડીયા કુંભાર) (ઉ.૨૪-રહે. આસોપાલવ સ્કવેર ફ્લેટ નં. ૩૦૩) જણાવ્યું હતું. તેમજ પોતે કડીયા કામ કરતો હોવાનું કહ્યું હતું. પીઆઇ સી. જી. જોષીની રાહબરીમાં હેડકોન્સ. આર. એલ. વાઘેલાએ ગુનો નોંધ્યો હતો. ડી. સ્ટાફના પીએસઆઇ ટી. ડી. ચુડાસમા, હારૂનભાઇ ચાનીયા, ભરતસિંહ ગોહિલ સહિતે વિશેષ તપાસ હાથ ધરી છે.

# તંત્રી સ્થાનેથી...

## કન્યા કેળવણી મહોત્સવ–શાળા પ્રવેશોત્સવ સાચા અર્થમાં સમાજોત્સવ

ગુજરાતમાં ૧૭માં કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવને મળેલા અપ્રતિમ સહયોગ અને કાર્યક્રમને મળેલી સફળતાનો શ્રેય જનતા જનાર્દનને છે. આ વર્ષે નાગરિકોએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન દાખવેલો ઉત્સાહ અનેરો હતો. રાજ્યની ૩૦ હજારથી વધુ શાળાઓમાં યોજાયેલા ત્રિદિવસીય કાર્યક્રમમાં ૪૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ સહિત ૧ કરોડ નાગરિકો ઉત્સાહભેર સહભાગી બન્યા અને તેને કારણે જ આ ઉત્સવ સાચા અર્થમાં સમાજોત્સવ બની ગયો. ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા સાથે એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા ઉદાતભાવથી ૨૦ વર્ષથી યોજાતા કન્યા કેળવણી મહોત્સવ-શાળા પ્રવેશોત્સવને પરિણામે રાજ્યમાં બાળકોનો એનરોલમેન્ટ રેશીયો ૧૦૦ ટકાની ખુબ જ નજીક પહોંચ્યો છે અને તેની સામે ડ્રોપ આઉટ રેશીયો પણ ઘટ્યો છે. બાળકોના શિક્ષણને કેન્દ્ર સ્થાને રાખી સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં આ પ્રકારનો કાર્યક્રમ થાય છે. માર્ગદર્શન હેઠળ મંત્રી મંડળના સભ્યો, પદાધિકારીઓ સહિત ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા શિક્ષણના આ મહાયજ્ઞમાં નાગરિકોએ આપેલા સહયોગ બદલ જનતાજનાર્દનનો આભાર માન્યો હતો.

૧૭માં પ્રવેશોત્સવની સફળતાની ઝાંખી આપતા શિક્ષણમંત્રીએ જણાવ્યું કે, રાજ્યવ્યાપી કન્યા કેળવણી મહોત્સવદ્ર શાળા પ્રવેશોત્સવની ૧૭મી શૃંખલામાં ૫ લાખ ૭૨ હજાર બાળકોનો ધોરણ-૧માં પ્રવેશ જનભાગીદારીના ઉમંગ-ઉત્સાહમય વાતાવરણમાં કરાવવામાં આવ્યો છે. જેમાં ધોરણ-૧માં ૨,૮૦,૪૭૮ દિકરીઓ તથા ૨,૯૧,૯૧૨ કુમારોનું શાળાઓમાં નામાંકન થયું છે. તે ઉપરાંત ત્રણ દિવસમાં ૧,૦૫૯ કુમાર અને ૭૧૬ કન્યા મળી કુલ ૧,૭૭૫ દિવ્યાંગ બાળકોના નામાંકન થયા છે. આ અભિયાન અંતર્ગત રાજ્યની આંગણવાડીઓ-બાલમંદિરમાં પ્રારંભિક શિક્ષા માટે ૨,૩૦,૭૩૨ ભૂલકાંઓનો પ્રવેશ કરાવવામાં આવ્યો છે. જે અંતર્ગત ત્રણ દિવસમાં કુલ ૨,૮૦,૪૭૮ કન્યાઓએ ધો.૧માં અને ૧.૧૨ લાખ બાળાઓએ આંગણવાડી- બાલમંદિરમાં પ્રવેશ મેળવ્યો છે. એટલું જ નહીં, બાળકોમાં અત્યારથી જ પર્યાવરણની સમજ કેળવવાનો અભિગમ અપનાવી મહાનુભાવો દ્વારા પ્રવેશોત્સવની સાથોસાથ વૃક્ષારોપણ કરી ૧,૫૮,૮૨૦ વૃક્ષોનું વાવેતર કરાયું છે. રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ દરમિયાન સમગ્ર રાજ્યની કુલ ૩૦,૮૮૦ પ્રાથમિક શાળાઓને આ કાર્યક્રમ અંતર્ગત આવરી લઇ ૧૦૦ ટકા નામાંકનની દિશામાં નક્કર કદમ ભર્યું છે.

રાજ્યની વિવિધ શાળાઓમાં મળી અંદાજે રૂ. ૨૫.૯૩ કરોડના ખર્ચે ૪૯૪ નવનિર્મિત ઓરડાઓનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. રાજ્યભરમાં ૨૩૬૪ શાળામાં ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવામાં આવી છે. હાઇકોર્ટ દ્વારા કરેલા અવલોકનમાં પણ રાજ્યની શાળાઓની સ્થિતિની સરાહના કરવામાં આવી છે તે સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

# નાણાવટી ચોક પાસે યુવાનની હત્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૯

રાજકોટમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાણાંવટી ચોક નજીક નંદનવન સોસાયટી પાસે અખ્તર નામના યુવકની છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવવામાં આવી છે. બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં અખ્તર




## પત્નીનો પ્રેમી મિત્ર જ નીકળ્યો, બંનેને સાથે જોઈ જતા પતિએ છરીના ૩ ઘા ઝીકી પતાવી દીધો

આરોપીનો મિત્ર હતો અને તે તેની પત્નીનો પ્રેમી હતો. આજે અખ્તરને પત્ની સાથે જોઈ જતા પતિએ તેને મોતને ઘાટ ઉતાર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાણાંવટી ચોક નજીક આવેલ નંદનવન સોસાયટી પાસે રાત્રીના સમયે ૧૦ વાગ્યા આસપાસ હત્યાનો બનાવ સામે આવ્યો છે. બનાવની જાણ થતા રાજકોટ યુનિવર્સિટી પોલીસ, ક્રાઇમ બ્રાન્ચ, SOG સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને બાદમાં મૃતક અને હત્યારા અંગે તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકનું નામ અખ્તર હોવાનું અને હત્યારો તેનો જ મિત્ર હુસેન દલવાણી હોવાનું સામે આવ્યું છે.

આ સાથે પોલીસ તપાસમાં ખુલવા પામેલ વિગત મુજબ નંદનવન સોસાયટી નજીક જ મૃતક તેમજ આરોપી રહે છે બન્ને મિત્રો છે. મૃતક

## ગુનામાં પાંચેક આરોપીઓ સામેલ હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુંઃ આરોપીની શોધખોળ

યુવાન અખ્તર આરોપી હુસેન દલવાણીની પત્ની નેન્સી સાથે બેઠો હતો. બન્ને વચ્ચે પ્રેમ સબંધ હોવાના કારણે રોષે ભરાઈ મિત્રના હાથે મિત્રની હત્યા થયાનું સામે આવ્યું છે. રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ , યુનિવર્સિટી પોલીસ તેમજ એસઓજી પોલીસની અલગ અલગ ટીમો દ્વારા હત્યારાને પકડી પાડવા તપાસ હાથ ધરી છે અને મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વિધવા માતાનો એકનો એક પુત્ર અખ્તર પાયક મંડપ સર્વિસમાં નોકરી કરતો હતો, સાંજે નોકરી પરથી છૂટયા બાદ તેણે તેની પરિણીત પ્રેમિકા નેન્સીને ફોન કરીને નંદનવન સોસાયટીમાં મળવા માટે બોલાવી હતી, બંને બેઠાં હતાં તે વખતે જ હુશેન ત્યાં પહોંચી ગયો હતો અને મામલો હત્યા સુધી પહોંચ્યો હતો.

### ગોંડલ યાર્ડની પેઢીમાં એલસીબીનો દરોડો

# જુગાર રમતા રૂ.૯.૭૪ લાખની રોકડ સાથે વેપારી સહિત ૫ ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૯

ગોંડલ યાર્ડની એક પેઢીમાં ચાલતા જુગારના અખાડા ઉપર રૂરલ એલસીબીએ દરોડો પાડી રૂ.૯.૭૪ લાખની રોકડ સાથે વેપારી સહિત પાંચ શખ્સોને દબોચી લીધા હતા. માર્કેટીંગ યાર્ડમાં વૈભવ કોટન નામની પેઢી ધરાવતો વિજય વોરા પોતાની દુકાનમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતો હતો. રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ વી.વી. ઓડેદરા, પીએસઆઇની ટીમે કાર્યવાહી કરી ગુનો નોંધ્યો હતો. ખાનગી રાહે બાતમી આધારે ગોંડલ નવા માર્કેટીંગ યાર્ડમાં આવેલ વૈભવ કોટન નામની દુકાનના માલિક વિજય ભીખા વોરા બહારથી માણસો બોલાવી તેને પાણી લાઇટ તથા જુગારને લગતી તમામ સવલતો પુરી પાડી નાલ ઉઘરાવી ગંજીપાનાના પતા વડે નશીબ આધારીત હારજીતનો

## પાંચ મોબાઇલ ફોન મળી રૂ.૧૦,૧૯,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો દાખલ કરાયો

જુગાર રમાડતો હોય, દરોડો પાડી તેના સહિત પાંચ આરોપીઓને રૂ.૯,૭૪,૦૦૦ની રોકડ, પાંચ મોબાઇલ ફોન મળી રૂ.૧૦,૧૯,૫૦૦ ના મુદ્દામાલ સાથે દબોચી લેવાયા હતા. તમામ આરોપી ગોંડલના રહેવાસી છે. જેમાં, વિજય ભીખા વોરા (રહે.માલવીયાનગર જેતપુર રોડ), ગીરીશ દામજી ગોંડલીયા (રહે.ગુંદાળા ફાટક), શૈલેષ વલ્લભ વાછાણી (રહે.ગુંદાળા રોડ), વિપુલ વિઠ્ઠલ વીસાવેલીયા (રહે.ગુંદાળા રોડ) અને શૈલેષ મનજી રૂપારેલીયા (રહે.ગુંદાળા ફાટક)નો સમાવેશ થાય છે. આરોપીઓની ધરપકડ કરી ગુનો નોંધી એલસીબીની ટીમે કાયદેસર કાર્યવાહી કરી છે.

# રાજકોટ ક્રાઈમ

## જુગાર રમતા ચાર મહિલા સહિત ૧૦ ઝબ્બે

રાજકોટ, મંગળવાર આજી ડેમ પાસેનાં માંડાડુંગર નજીકની શ્યામ કીરણ પાર્ક સોસાયટી શેરી નંબર ૩માં રહેતા વિપુલ નાનજી જાદવના મકાનમાં ગઈકાલે મોડી રાત્રે ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી ચાર મહિલા સહીત કુલ ૧૦ આરોપીઓને ઝડપી લીધા હતાં. જુગાર રમતા ઝડપાયેલોમાં વિપુલ ઉપરાંત સાગર ગોવિંદ મેર, ડાયાલાલ જસાભાઈ મકવાણા, અતુલ નટવરલાલ બગડાઈ, અરવિંદ હીરાભાઇ ઓળકીયા, મહેશ ઉર્ફે મનોજ રાજાભાઇ વાળા, સજ્જનબેન ડાયાલાલ મકવાણા, મનીષાબેન ખડુભાઈ મીસ્ત્રી, અમીબેન અતુલભાઈ બગડાઈ અને ગીતાબેન મનોજભાઈ વાળાનો સમાવેસ થાય છે. પટમાંથી પોલીસે રૂા. ૮૭ હજારની રોકડ રકમ કબ્જે કરી હતી. જ્યારે આરોપી આરટીઓ એજન્ટ મહેશ ઉર્ફે મનોજ વાળા દારૂ પીધેલી હાલતમાં મળી આવતાં તેના વિરૂદ્ધ અલગથી ગુનો દાખલ કરાયો હતો.

## છરી દેખાડી લૂંટનો પ્રયાસ કરનાર ઝડપાયો

રાજકોટઃ મોરબી રોડ પર રહેતો જીગ્નેશ મહેશભાઈ નંદા ગત રાત્રે માધાપર ચોકડીએ ઉતરી રીક્ષામાં બેસી બેડી ચોકડીએ જતો હતો રિક્ષાચાલકે પુલ ઉપર રીક્ષા ઉભી રાખી મારી પાસે છરી છે, જો તું અવાજ કરીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી લુંટનો પ્રયાસ કરતા ત્યારે જ તેનો ભાઈ નીતિન આવી જતા ધક્કો મારી બંને ભાઈઓએ પકડી લઇ ગાંધીગ્રામ પોલીસને સોપતા તે બજરંગવાડીમાં રહેતો સુનીલ ધીરજ ડાભી હોવાનું જણાવતા જીગ્નેશની ફરિયાદ પરથી સુનીલ સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

## તબીબ પુત્રના અપહરણના પ્રયાસમાં વધુ એકની ધરપકડ

રાજકોટ : શહેરના હનુમાન મઢી નજીક નિર્મલા રોડ પર નાગરિક બેંક સોસાયટીમાં રહેતા તબીબ જીગ્નેશ ખંધડીયાના પુત્ર રોહિત (ઉ.૧૬)ને કુરિયરના બહાને બહાર બોલાવી અપહરણનો પ્રયાસના ગુનામાં ગાંધીગ્રામ પોલીસે અગાઉ ૫ શખ્સોની ધરપકડ કરી હતી જેમાં વધુ બે શખ્સો જયપાલ રાઠોડ અને સુરેશ ઠાકોરના નામ ખુલતા પોલીસે અલગ અલગ ટીમો બનાવી ઝડપી લેવાની કાર્યવાહી કરી હતી દરમ્યાન જયપાલ રાઠોડની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવી પૂછપરછકરી વધુ એક સુરેશ ઠાકોરને ઝડપી લેવા મથામણ કરી છે.

## પિતા–પુત્ર પર ત્રિપુટીનો હુમલો

રાજકોટ : શહેરના બાબરિયા કોલોની ક્વાટરમાં રહેતા રીક્ષાચાલક અલ્તાફભાઇ નુરમહમદભાઇ મોદી (ઉ.૫૦)એ જયેશ ડાંગર, લાલો ચોટી, ભૂરો ઝાલા સામે ભક્તિનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેનો પુત્ર સિકંદર (ઉ.૨૭) રાત્રે ઘર પાસે ઉભો હતો તેને બોલાવવા જતા અગાઉ થયેલ ઝઘડાનો ખાર રાખી પુત્ર ઉપર છરી, તલવાર, પાઈપથી હુમલો કરતા બચાવવા જતા મને પણ માર માર્યો હતો.

## પેરોલ પર છુટી ફરાર રહેલા આજીવન કેદના આરોપીને ક્રાઇમ બ્રાંચે પકડ્યો

રાજકોટઃ વચગાળાના જામીન પર કે પેરોલ ફરલો રજા પર જેલમાંથી છુટ્યા બાદ મુદ્દત પુરી થવા છતાં હાજર ન થઇ નાસતા ફરતાં આરોપીઓને શોધી કાઢવાની સુચના અંતર્ગત ક્રાઇમ બ્રાંચની ટીમે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા કાપી રહેલા અને પેરોલ પર છુટ્યા બાદ ફરાર થઇ ગયેલા શખ્સ રાજેશ ઉર્ફ મિતેન અરવિંદભાઇ દૂબલ (ઉ.૫૧-રહે. હનુમાન મઢી ચોક, અલ્કાપુરી-૧, રૈયા રોડ)ને પકડી લઇ જેલમાં રજૂ કર્યો છે. તેના વિરૂધ્ધ વર્ષ ૨૦૧૫માં એ-ડિવિઝન પોલીસમાં હત્યાનો ગુનો નોંધાયો હોઇ તે હાલમાં આજીવન કેદની સજા કાપી રહ્યો છે. રાજકોટ જેલમાંથી તા. ૯/૬ના રોજ ૧૫ દિવસની પેરોલ રજા મળી હતી. જે ૨૫મીએ પુરી થઇ ગઇ હોય છતાં જેલમાં હાજર થયો નહોતો.

# જેતલસરની વાડીમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડોઃ ૭ શખ્સો ઝબ્બે

**મોડી રાત્રે એલ.સી.બી.ના કાફલાએ ત્રાટકી સપાટો બોલાવ્યોઃ ૨૨.૯૨ લાખનો મુદ્દામાલ કબ્જે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જેતપુર, તા.૨૯

જેતપુર નજીકના જેતલસર ગામની સીમમાં આવેલ દિનેશ કેશવભાઇ ભુવાના વાડીના મકાનમાં ચાલતા જુગારના અડ્ડા પર રાજકોટ રૂરલ એલ.સી.બી.એ દરોડો પાડી સાત શખ્સોને દબોચી લઇ ૧.૨૬ લાખની રોકડ સાથે ૨૨.૯૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સપાટો બોલાવી દીધો છે.આ અંગે મળતી વિગતો એવા પ્રકારની છે કે જેતલસર ગામની સીમમાં દિનેશ કેશવભાઇ ભુવાની વાડીમાં બહારથી જુગારઓ બોલાવી જુગારનો અડ્ડો ચલાવાતો હોવાની મળેલી બાતમીના આધારે ગત મોડી રાત્રે રૂરલ એલ.સી.બી. પોલીસે દરોડો પાડતા અફડાતફડી મચી જવા પામી હતી.જેમાં વાડી માલિક દિનેશ કેશવભાઇ ભુવા (જેતલસર) ગોવિંદ મેરામણ ચાવડા (રહે. બેરજા, જિ. દ્વારકા) રસીક નારણભાઇ બાબરીયા (જેતલસર) રાજેશ ડોબરીયા (જેતલસર) જય અશ્વીન રાવલ (ઉપલેટા) વિપુલ વલ્લભ કંટેસરીયા (રહે. ઉપલેટા) તથા ડાડૂ પીઠા ગોજીયા (રહે. જામનગર) નામના સાત જુગારીઓને ઝડપી લેવાયા હતા. જુગાર પટ પરથી ૧.૨૬ લાખની રોકડ, ૯૧ હજારના મોબાઇલ તેમજ ૨૦.૭૫ લાખના ફોરચ્યુનર કાર અને બાઇકો મળી કુલ રૂા.૨૨.૯૨ લાખનો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો છે.



# ચોમાસું મંદ રહેતા રાજ્યમાં વાવણીને લાગી બ્રેક, સારા વરસાદની રાહ જોતા ધરતીપુત્રો



**દિવેલા, ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, તુવેર, અડદ, ગુવાર સીડ સહિતના વાવેતરમાં હજુ સુસ્તીઃ ગત વર્ષ કરતા ૫.૩૪ લાખ હે.ઓછું વાવેતર**

**ગુજરાતમાં ચોમાસાના પ્રથમ મહિનામાં ૧૯.૬૮ લાખ હે.માં વાવેતર પૈકી ૮૧ ટકા માત્ર સૌરાષ્ટ્રમાં, ૧૪.૨૦ લાખ હેકટરમાં મગફળી–કપાસનું વાવેતર થયું**

**ગત વર્ષની સરખામણીએ ચોમાસાના ચાર સપ્તાહમાં થયેલું વાવેતર**

| સમયગાળો | જૂન–૨૦૨૧ | જૂન–૨૦૨૨ | ટકા |
|---|---|---|---|
| તા.૬ જૂન સુધીમાં | ૩૦૧૨૧ | ૮૫૮૯૭ | ૧ |
| તા.૧૩ જૂન સુધી | ૨૧૮૫૫૪ | ૨૫૩૦૨૯ | ૨.૯૩ |
| તા.૨૦જૂન સુધી | ૬૮૯૪૭૨ | ૧૦૨૪૪૨૨ | ૧૧.૮૭ |
| તા.૨૭ જૂન સુધી | ૨૫૦૨૨૮૮ | ૧૯૬૮૭૨૨ | ૨૨.૮૧ |

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૯

ગુજરાતમાં ચોમાસાએ એન્ટ્રી છે પણ એકંદરે ચોમાસું સુસ્ત રહ્યું છે, અત્યાર સુધીમાં સૌરાષ્ટ્રમાં સરેરાશ અઢી ઈંચ અને દક્ષિણ ગુજરાતમાં સાડાચાર ઈંચ વરસાદ વરસી ગયો છે અને ચોમાસુ હજુ જમાવટ નહીં કરતા રાજ્યમાં વાવણીની ગતિ ધીમી પડી છે. ગત વર્ષે તા.૨૭ જૂન સુધીમાં ૧૯,૬૮,૭૨૨ હેક્ટર જમીનમાં વાવણી થઈ છે તેમાં ૮૫ ટકા એટલે આશરે ૧૬ લાખ હેક્ટરમાં માત્ર સૌરાષ્ટ્રમાં વાવણી થઈ છે.ગત વર્ષની સાપેક્ષે રાજ્યનું કુલ વાવેતર આજ સુધીમાં ૫.૩૪ લાખ હેક્ટરમાં ઓછું થયું છે. આગામી પાંચ દિવસ હજુ વ્યાપક વરસાદ (જેને હવામાન ખાતુ ફેરલી વાઈડ સ્પ્રેડ) કહે છે તેની આગાહી નથી.

રાજ્યની કુલ ૮૬.૩૧ લાખ હેક્ટર એટલે કે ૮૬૩૧ કરોડ ચોરસમીટર જમીનમાં ખરીફ પાકની ખેતી થતી હોય છે. ગત વર્ષે આજ સુધીમાં ૨૫.૦૨ લાખ હેક્ટર પૈકી આ વર્ષે ૧૯.૬૮ લાખ હે.માં વાવણી થઈ છે તેમાં ૧૪.૨૦ લાખ છે. માં માત્ર કપાસ અને મગફળીનું વાવેતર થયું છે અને આ વાવેતર મુખ્યત્વે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં જ થયું છે. ખાસ કરીને મગફળીનું વાવેતર ગત વર્ષે અત્યાર સુધીમાં ૯.૯૯ લાખ એટલે કે આશરે ૧૦ લાખ છે . સામે આ વર્ષે ૬.૮૭ લાખ છે.માં એટલે કે ૩ લાખ કે કરતા વધુ જમીનમાં ઓછું વાવેતર થયું છે. એ કે, ખેડૂતોના સૂત્રો અનુસાર તા.૧ જુલાઈથી શરૂ થતા અષાઢમાં વ્યાપક સ્થળોએ વરસાદ થવાની આશા છે (નોર્મલ ચોમાસાન મૌસમ વિભાગનો વરતારો પણ છે) ત્યારે એકંદરે મગફળી-કપાસનું વાવેતર ગત વર્ષથી વધવાની શક્યતા છે. હજુ સુધી ખાસ કરીને દિવેલાનું વાવેતર ખાસ શરૂ થયું નથી. ડાંગર, બાજરી, જુવાર સહિતના ધાન્ય, તુવેર, અડદ સહિતના કઠોળ, ગુવારસીડ જેવા પાકીનું વાવેતરમાં સુસ્તી છે.

# મોરબી રોડ પર ઈકો કાર અને છકડો રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત : એકનું મોત



રાજકોટઃ રાજકોટની ભાગોળે મોરબી રોડ પર ઇકો કાર અને છકડો રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં એક વ્યક્તિનું મોત થયું છે અને ચાર લોકોને ઇજા પહોંચી છે. ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માહિતી મળી છે કે, જૂનાગઢના ભેંસાણનો પરિવાર રીક્ષામાં સ્ક્રેપ ભરી કચ્છમાં વેચવા ગયો હોય પરત ફરતા ગૌરીદળ પાસે મારવાડી કોલેજ નજીક અકસ્માત નડ્યો હતો.

## ફુડ ડિલિવરીમેનના બે મોબાઈલની ચોરી

રાજકોટઃ મંગળવાર કરણસિંહજી મેઈન રોડ પર ચેમ્બર ઓફ કોમર્સ બિલ્ડિંગના પાર્કિંગમાં રહેતા અને ફુડ ડિલીવરીમેન તરીકે નોકરી કરતાં અર્જુન પદમસીંગ લુહાર (ઉં.વ.૨૧) કોમ્પલેક્ષના પાર્કિંગમાં સુતો હતો ત્યારે રૂમ.૧૧ હજારની કિંમતના બે મોબાઈલ અજાણ્યો શખ્સ ચોરી ગયાની એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

## ચોકીદારના મોબાઇલની ચોરી

રાજકોટઃ શહેરના કરણસિંહજી મેઈન રોડ પર આવેલ ચેમ્બર ઓફ કોમર્સ બિલ્ડીંગના પાર્કિંગમાં રહેતા અને ચોકીદારી કરતા અર્જુનસિહ પદમસિહ લુહાર ઉ.૨૧ ગત સવારે પાર્કિંગમાં સુતો હતો અને સવારે આઠ શખ્સ ચોરી કરી ગયા હોય એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com

Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

# કોઠારિયા વિસ્તારમાં પથ્થરની ખાણ બ્લાસ્ટિંગથી સ્થાનિકોને ભારે નુકશાન




## વિપક્ષીનેતા ભાનુબેન સોરાણી તુરંત દોડી ગયા,કલેકટરને આવેદનપત્ર પાઠવી કરાઈ રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણીએ મંગળવારે કોઠારિયા વિસ્તારમાં બ્લાસ્ટિંગ થતા સ્થાનિકોને ભારે નુકશાની થયેલ છે તે બાબતે આજે કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરાઈ છે જેમાં જણાવ્યું છે કે રાજકોટ મહાનગરપાલિકાની હદમાં આવતા વોર્ડ નં.૧૮માં કોઠારીયા વિસ્તારમાં વેલનાથ પાર્ક આવેલ છે જે સંપૂર્ણ રહેણાંક વિસ્તાર હોય જે સ્થળથી માત્ર ૧૫૦ મિટર નજીકમાં પથ્થરની ખાણ (ભરડીયા) કોંક્રીટ પ્લાન્ટ બનાવવવાના કામે તા.૨૭/૦૬/૨૦૨૨ના રોજ બપોરે ૨:૩૦ કલાકે અચાનક જમીનમાં બ્લાસ્ટિંગ કરી પથ્થર તોડવાની કામગીરી ચાલુ કરી દેતા સ્થાનિકો ભયભીત થઇ અત્યંત હેરાનગતિ અનુભવેલ છે.

જે પથ્થર તોડવા માટે બ્લાસ્ટિંગનો વિસ્ફોટ થતાં આજુબાજુમાં રહેતા લોકોના મકાનમાં બ્લાસ્ટિંગના પથ્થરો આવતા દિવાલો, છતના પતરા તૂટ્યા છે તેમજ અમુક લોકો ઈજાગ્રસ્ત થયા છે વધુમાં આ ઉડીને આવેલા મસમોટા પથ્થરો ઘરમાં આવ્યા છે અને વિસ્ફોટ થવાના લીધે દિવાલો હચમચી ગયેલ છે તેમજ ઘણા મકાનોની દિવાલોમાં મોટી તિરાડો પડેલ હોય જેથી સ્થાનિકોને ભારે નુકશાની થયેલ છે તેમજ ભારે જાનહાનિ થતી બચી છે.

આ સ્થળે બ્લાસ્ટિંગની પરવાનગી કોણે આપેલ છે? આ સ્ટોન ક્રશર ચાલુ કરવામાં આવેલ છે તેની મંજુરી કોણે આપેલ છે? તેમજ રહેણાંક વિસ્તારમાં ખનન પ્રવૃત્તિની પરવાનગી આપી શકાય ખરી ? આ નુકશાન થયેલ છે તેની જવાબદારી કોની ? સ્થાનિકોને નુકશાન થયેલ છે તે ભરપાઈ કોના દ્વારા કરવામાં આવશે ? જેનો પ્રત્યુતર પાઠવવા.

આ મુદ્દે સ્થાનિકોને નુકશાની થયેલ છે જેનો સત્વરે સર્વે કરાવી વળતર આપવામાં આવે તેમજ હાલ આ ખનન કામગીરી શરૂ હોય તો તેને લોકહીતમાં બંધ કરાવવામાં આવે તેવી માંગ છે. તેમ જણાવ્યું છે.

## પડધરીના ઉકરડા ગામના આચાર્યએ રાષ્ટ્રીય કક્ષાએ ગોળાફેંકમાં રજત ચંદ્રક મેળવ્યો




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ઉકરડા ગામની પ્રાથમિક શાળામાં ૨૩ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવતા મીનાબેન કપૂરિયાએ નવેમ્બર ૨૦૨૧માં વારાણસીમાં યોજાયેલી ત્રીજી નેશનલ માસ્ટર એથ્લેટીક ચેમ્પયનશીપમાં ગોળાફેંક અને ચક્રફેક સ્પર્ધામાં રજત ચંદ્રક ૫૦ પ્લસના એઈજ ગ્રુપમાં મેળવ્યો હતો. જે માટે રાજય સરકાર દ્વારા શ્રમ અને રોજગાર મંત્રી બ્રિજેશભાઇ મેરજાએ પણ મીનાબેનનું શાળા પ્રવેશોત્સવ દરમિયાન સન્માન કર્યું હતું. જૂનાગઢ ખેલ કુદ મંડળ દ્વારા રાજયકક્ષાએ વિજેતા સ્પર્ધકોને રાષ્ટ્રીય કક્ષાએ લઇ જવા માટેનું આયોજન થયું હતું. શાળાના વિદ્યાર્થીઓ બે વાર દોડ સ્પર્ધામાં અને બહેનોની ટીમ કબડ્ડી સ્પર્ધામાં બે વખત રાજયકક્ષાએ ભાગ લઇ ચૂક્યા છે.

## આઈ.ટી.આઈ. ધોરાજી ખાતે વિવિધ કોર્સની પ્રવેશ પ્રક્રિયા શરૂ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯: શ્રમ, કૌશલ્ય અને રોજગાર વિભાગ હેઠળ કાર્યરત આઈ.ટી.આઈ. ધોરાજી ખાતે કોમ્પ્યુટર, મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક, ઓટો, સોલાર જેવા વિવિધ વ્યવસાયલક્ષી કોર્સમાં પ્રવેશ મેળવવા અંગે અરજદારો તા. ૩૦ જૂન સુધી સંસ્થા ખાતેથી ફોર્મ મેળવી, જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરી શકશે. વધુ માહિતી મેળવવા અરજદારોએ ફોન નં. ૦૨૮૨૪-૨૨૨૬૫૭ પર અથવા **http://itiadmission. Gujarat.gov.in par** સંપર્ક કરવાનો રહેશે. તેમ ધોરાજી આઈ.ટી.આઈ. ના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

## પી.એસ.એમ. હોસ્પિટલ તેમજ ‘સ્વામીનારાયણ યુનિવર્સિટી’ કલોલનો લોકાર્પણ તેમજ શિલાન્યાસ સમારોહ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯



### હોસ્પિટલમાં દર્દીઓને રાહતદરે તેમજ વિનામુલ્યે સારવાર અપાશેઃ ચેતન રામાણી

શ્રી સ્વામીનારાયણ વિશ્વમંગલ ગુરૂકુલ-કલોલ સંસ્થાના મેનેજીંગ ડિરેકટર ભક્તવત્સલ સ્વામી તેમજ સંસ્થા હેઠળ આવતી પી.એસ.એમ. હોસ્પિટલના કારોબારી સભ્ય અને પ્રદેશ ભાજપના અગ્રણી ચેતનભાઇ રામાણી એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સંસ્થાના સંસ્થાપક શાસ્ત્રી સ્વામીશ્રી પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ગુજરાત રાજયમાં પ્રથમ વખત સ્વામીનારાયણ સંપ્રદાય દ્વારા સ્વામીનારાયણ યુનિવર્સિટીનું નિર્માણ થવા જઇ રહ્યુ છે.

જેમાં હજારો વિદ્યાર્થીઓનું શિક્ષણ અને કેળવણી સાથે સંસ્કારોનું સિંચન કરાશે તેમજ પી.એસ.એમ (પ્રમસ્વરૂપસ્વામી મલ્ટીસ્પેશયાલીટી) હોસ્પિટલ જેમાં હજારો દર્દીઓને રાહતદરે તેમજ જરૂર જણાયે વિનામુલ્યે સારવાર અપાશે ત્યારે તા.૧ જુલાઈના રોજ આ બન્ને સંસ્થાનું લોકાર્પણ તેમજ શિલાન્યસ સમારોહ કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ અમિતભાઇ શાહના હસ્તે યોજાવાનો છે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ, પૂર્વ મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણી, આરોગ્ય પ્રધાન રૂષીકેશભાઇ પટેલ, શિક્ષણ પ્રધાન જીતુભાઇ વાઘાણી, ગૃહપ્રધાન હર્ષભાઇ સંઘવી, ઉદ્યોગ પ્રધાન જગદીશભાઇ પંચાલ, પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નિતીનભાઇ પટેલ, ઇફકોના ચેરમેન દિલીપભાઇ સંઘાણી, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરી, ધારાસભ્યો, પદાધિકારીઓ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ રહેશે.

વિશેષમાં હોસ્પિટલની સુવિધાઓ અંગે રામાણીએ જણાવતા કહ્યું હતું કે, ગાંધીનગર જિલ્લાની જનતા તેમજ પાડોશી રાજ્યો રાજસ્થાન તેમજ મધ્યપ્રદેશના જરૂરીયાતમંદ નાગરિકોને ઉત્તમ તથા અત્યાધુનિક આરોગ્ય સેવાઓ એક જ સ્થાને મળી રહે તે હેતુથી વર્તમાન કાર્યરત ૨૦૦ બેડની PSM મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલને વિસ્તરણ કરીને ૭૫૦ બેડ એટલે કે રૂ.૩૫૦ કરોડની માતબર રકમની સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલના નવીન મકાન નિર્માણ કરવાનો ઉદ્દેશ્ય છે. જેમાં એમ. આર. આઇ, સિટી સ્કેન, પી.ઇ.ટી. સ્કેન, હાઇબ્રીડ કેથ લેબ, રેડિયોથેરાપી, કેમોથેરાપી, ૧૦૦ બેડ આઇ.સી.યુ., ૬૦૦ જનરલ તેમજ પ્રાઇવેટ બેડ, ૩૦ ઇમરજન્સી બેડ, બલ્ડ બેન્ક, હિમોડાયલીસીસ યુનિટ, ૫૦ સ્પેશિયાલીટી ઓ.પી.ડી., પેથોલોજી લેબ, ૧૪ અત્યાધુનિક લેમીનાર ઓપરેશન વગેરે સુવિધાઓ હશે તદ્ઉપરાંત સરકારની વિવિધ મહાયોજનાઓ જેવી કે ‘માં અમૃતમ યોજના’, આયુષ્માન ભારત યોજના, ‘ચિરંજીવી યોજના’ સાથે જોડાયેલ તમામ કાર્ડોનો લાભ પણ મળવાપાત્ર રહેશે તેમજ જેમની પાસે કાર્ડ પણ ન હોય એવા દરિદ્રનારાયણ લોકોને રાહતદરે તેમજ વિનામુલ્યે સારવાર આપવામાં આવશે.

આ વર્ષે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત પ્રાઈવટ યુનિવર્સિટી એકટ-૨૦૦૯ અધિનિયમ હેઠળ ‘સ્વામિનારાયણ યુનિવર્સિટી’ તરીકે સ્ટેટ પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકેની માન્યતા પ્રાપ્ત થઈ છે.

## જી.પી.એસ.સી. કલાસ ૧ અને ૨ ની બીજી જનરલ બેન્ચનું પ્રિલિમ્સના તાલીમ વર્ગોનું આયોજન

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસી દ્વારા ૧૧ જુલાઈથી કરાયું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સીસીડીસી મારફત જુદી-જુદી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેની સચોટ તાલીમ અને તજજ્ઞ નિષ્ણાંતોના માધ્યમથી કરવામાં આવે છે. સીસીડીસીના તાલીમ વર્ગોમાં દરરોજ સીલેકટેડ ટોપીક ઉપર માર્ગદર્શન, સ્વચકાસણી સ્વરૂપ એમ.સી.કયુ. પરીક્ષા, ઈનહાઉસ લાયબ્રેરી તથા પરીક્ષામાં સફળતા મેળવે તે પ્રકારનું માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

તાજેતરમાં ગુજરાત રાજય સરકાર મારફત જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની પરીક્ષાઓ જી.પી.એસ.સી.ના જાહેર કરાયેલા કેલેન્ડર મુજબ યોજાવાની છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સીસીડીસી દ્વારા તા.૧૧-૭ સોમવારથી સવારના સમયમાં જી.પી.એસ.સી. ક્લાસ ૧ અને ૨ ની બીજી જનરલ બેચનું પ્રિલીમ્સનાં તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

આ તાલીમ વર્ગમાં જી.પી.એસ.સી. વર્ગ ૧-૨ ની વિવિધ જગ્યાઓ માટેના અભ્યાસક્રમ જનરલ સ્ટડીઝના પ્રિલીમ્સના સિલેકટેડ વિષયો જેવા કે, ભારતનું બંધારણ, ભારતનો ઈતિહાસ અને ભૂગોળ, અર્થશાસ્ત્ર, મેથ્સ અને રીઝનીંગ, સાંસ્કૃતિક વારસો વગેરેની સઘન તાલીમ આપવામાં આવનાર છે. તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારો તા.૮ જુલાઈ સુધીમાં ગ્રાઉન્ડ ફ્લોર, સી.સી.ડી.સી. બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, જલારૂ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, ગ્રેજયુએશન માર્કશીટ, આઈ.ડી. પ્રુફ અને લીવીંગ સર્ટીફિકેટ સાથે લાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન ફોર્મ ભરી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. તેમ જણાવ્યું છે.

## હળવદ પોલીસ દ્વારા ટ્રાફિક એવરનેસ કાર્યક્રમ યોજાયો



**(મયુર રાવલ દ્વારા)**

હળવદ, તા.૨૯

સમગ્ર ગુજરાત સહિત મોરબી જિલ્લામાં પણ અકસ્માતોના ગંભીર બનાવો અવાર નવાર પ્રકાશમાં આવતા હોય છે. જેમાં મોટેભાગે વાહનચાલકોની બેદરકારી અને ટ્રાફિક અંગેના નિયમો બાબતે અજ્ઞાનતા જ જવાબદાર હોય છે. આ બાબતે જાગૃતિ લાવવા હળવદ પોલીસ દ્વારા ટ્રાફિક અવેરનેસ વૈજનાથ મહાદેવ ચોકડી(સરા ચોકડી) ખાતે કાર્યક્રમ યોજાયો.

હળવદ પોલીસ દ્વારા નેશનલ હાઇવે પર નીકળતા વાહન ચાલકોને રોડ સેફ્ટી અને નિયમોની જાણકારી સાથે સાથે વાહન ચલાવતી વખતે રાખવાની તકેદારી વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી અને વાહનો પાછળ રેડિયમ પટ્ટી લગાવવી ફરજિયાત છે. જે નિયમો બાબતે પણ માહિતગાર કરીને જેઓએ રેડિયમ પટ્ટી નહોતી લગાવી તેમના વાહનો પર પોલીસે રેડિયમ પટ્ટી લગાવી તેઓને જાગૃત કરવા પ્રયત્ન કર્યો હતો. લોકોમાં જાગૃતતા આવે અને રોડ સેફ્ટી અને આરટીઓના નિયમોનું પાલન કરે એવા હેતુથી મોરબી જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠીના માગેદશેન હેઠળ હળવદ પીઆઇ એમ.વી.પટેલ પીએસઆઇ રાજેન્દ્રદાન ટાપરીયા, એલ એન્ડ ટીના લક્ષ્મણભાઈ તથા સ્ટાફ દ્વારા અપીલ કરવામાં આવી હતી.

## એડવોકેટ તુષાર ગોકાણીનો આજે જન્મદિવસ



રાજકોટ: સૌરાષ્ટ્ર-કચ્છના જાણીતા રાજકોટના યુવા એડવોકેટ તુષાર ગોકાણીનો આજે જન્મદિવસ છે. નામાંકિત મલ્ટીનેશનલ કંપનીઓના વકીલ તરીકે સેવા આપેલ છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેવી જન્મદિને મિત્રો, સગાસ્નેહી દ્વારા હાર્દિક શુભકામનાઓ સાથે તેમના મો.નં. ૯૮૨૪૨ ૯૫૫૫૭ ઉપર આજે સવારથી શુભેચ્છાવર્ષા થઈ રહી છે. ત્યારે ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ પરિવાર તરફથી એડવોકેટ તુષાર ગોકારીને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## નવદુર્ગા એજયુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ દ્વારા વિવિધ સ્પર્ધાનું આયોજન

### કાર્ડ મેકિંગ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, શીઘ્ર કાવ્ય સ્પર્ધા તા.૧૦ જુલાઇએ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

નવદુર્ગા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગુરૂપૂર્ણિમા કાર્યક્રમની ઉજવણી અર્થે શાળાના વિદ્યાર્થીઓ માટે કાર્ડ મેકિંગ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધા તેમજ કોલેજના વિદ્યાર્થીઓ માટે શીઘ્ર કાવ્ય સ્પર્ધાનું આયોજન તા.૧૦ જુલાઈએ કરવામાં આવ્યું છે.

કાર્ડ મેકિંગ સ્પર્ધા ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવેલ છે. જેમાં ગુરૂપૂર્ણિમા પર્વ અનુસાર શ્લોક સ્લોગન વાક્ય લખી ગુરૂપૂર્ણિમા પર્વ અનુસાર શ્લોક/સ્લોગન/વાક્ય લખીને કાર્ડ બનાવવાનું રહેશે. ધો.૬ થી ૮ અને ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે અગાઉથી આપેલ વિષયો પર વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ છે. જયારે કોલેજના વિદ્યાર્થીઓ માટે શીઘ્ર કાવ્ય સ્પર્ધા રાખવામાં આવેલ છે. આ માટે વિદ્યાર્થીઓને પર્વ અનુસાર કેટલાંક શબ્દો આપવામાં આવશે. જે પરથી કાવ્યની રચના કરવાની રહેશે. દરેક શાળા/કોલેજમાંથી ૩-૩ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધાની એન્ટ્રી માટેની છેલ્લી તા.૭ જુલાઈ છે.

સ્પર્ધા તા.૧૦ ને રવિવારે બપોરે ૩.૩૦ કલાકથી સ્પર્ધા સ્થળ : SKP સ્કૂલ, પ્રણામી પાર્ક શેરી નં.૫ ના ખૂણે, ૪૦ ફૂટનો રોડ, શાસ્ત્રીનગર (નાના મૌઆ) પાછળ, ન્યૂ ગાંધીનગર સોસાયટી પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી ઓમનગર BRTS પાસેના ૪૦ ફૂટના રોડ ઉપર આગળ જતાં. વિશેષ માહિતી તથા એન્ટ્રી માટે વોટ્સેપ નંબર-૯૦૯૯૬૬૪૬૭ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### બગદાણામાં મેઘરાજાની જોરદાર પધરામણીઃ ૬ ઇંચ વરસાદ

ચાલુ રહ્યો છે પણ મહુવા તાલુકાનાં પ્રખ્યાત તીર્થસ્થળ બગદાણામાં મેઘરાજાએ અનરાધાર કૃપા વરસાવતા ૬ ઇંચ વરસાદ નોંધાયો હતો અને આખું તીર્થધામ નગર પાણી-પાણી થઇ ગયું હતું. ચોમાસાનાં પહેલા જ ધોધમાર વરસાદમાં બગડ નદી બે કાંઠે વહેવા લાગી હતી અને બગડ ડેમ એક ઝાટકે ઓવરફ્લો થઇ ગયો હતો. આસપાસના અનેક ગામડાઓમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. પરિણામે નીચાણવાળા વિસ્તારોમાં લોકોને સાવચેત રહેવા હાઈએલર્ટ જાહેર કરાયું છે. ભારે વરસાદથી માર્ગો પર પાણી ફરી વળતા મહુવા- બગદાણા અને તળાજા- મહુવા રોડ બંધ કરવો પડ્યો છે. બગદાણામાં ગઈકાલે બપોરથી જ વીજળીનાં કડાકા-ભડાકા અને ગાજવીજ સાથે સાંબેલાધાર વરસાદ તૂટી પડ્યો હતો. પવનના ભારે સુસવાટા ચાલુ રહ્યા હતા. બગદાણાના માર્ગો અને શેરીઓમાં બબ્બે ત્રણ-ત્રણ ફૂટ પાણી ભરાઈ ગયા હતા. નદીમાં ઘોડાપુર આવ્યું હતું. બગદાણાની આસપાસના ગામો કરમદિયા, માતલપર, મોણપર, નવાગામ (રતનપર), ટીટોડીયા, ધરાઈ અને બોરલા સહિતના ગામોમાં વરસાદ ચાલુ રહ્યો છે. ઉપરવાસ પાણીની ભારે આવક થતાં બગડ ડેમ ઓવરફ્લો થઇ ગયો છે. ચોમાસાના પહેલા તબક્કામાં જ ડેમ ઓવરફ્લો થયો છે. બગડ ડેમના જળસ્ત્રાવ વિસ્તારમાં સાડા છ ઇંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જયારે રંઘોળા ડેમનાં કેચમેન્ટ અરિયામાં ૩૦ મીમી વરસાદ થયો હતો. મહુવા તાલુકાનાં ડેમની આસપાસનાં તમામ ગામોને સાવધ કરાયા છે અને લોકોને પાણીના પ્રવાહમાં અવર-જવર નહીં કરવા સુચના અપાઈ છે. નદી ગાંડીતુર બની હોવાથી આસપાસનાં નાળા પણ છલકાઈ ગયા છે. નદીનાં પુરને કારણે વાલર અને દાંઠા જેવા ગામોમાં વગર વરસાદે પુર આવ્યા છે. જેથી ઘાસચારો પલળી ગયો છે અને ખેતરોમાં પણ પાણી ફરી વળ્યા છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં અન્યત્ર વરસાદ થયો નથી. વાદળો બંધાયા નથી અને વાતાવરણ ચોખ્ખું રહેતા સૌરાષ્ટ્રમાં તાપમાન વધી ગયું હતું. મહતમ તાપમાન રાજકોટમાં ૩૬.૩ ડિગ્રી, સુરેન્દ્રનગર ૩૬.૮, અમરેલી ૩૫.૪, ભાવનગર ૩૪.૭, દ્વારકા ૩૪.૭, ઓખા ૩૩.૫, વેરાવળ ૩૨.૮ અને કેશોદમાં ૩૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અરબી સમુદ્રમાં લો-પ્રેશર નબળું પડ્યું છે. જેનાથી સિસ્ટમ ધીમી પડી છે. હવે શુક્ર અને શનિવારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. બે દિવસ બાદ ઝાપટાંથી માંડીને મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. હવામાન ખાતું જણાવે છે કે, ગયા વર્ષનાં પ્રમાણમાં જૂનનો વરસાદ ખૂબ ઓછો રહ્યો છે. ગયા વર્ષે જૂન માસ દરમ્યાન સૌરાષ્ટ્ર કચ્છમાં ૮૨.૩ મીમી વરસાદ થયો હતો. તેના બદલે આ વર્ષે જૂનમાં માત્ર ૪૩ મીમી વરસાદ થયો છે. રાજકોટમાં ગઈકાલે સાંજે ઠંડો પવન ફૂંકાયો હતો. પણ વાતાવરણ કોરું રહ્યું હતું. બુધવારે પણ સવારથી તડકો નિકળ્યો છે અને કાળા વાદળો ગુમ થઇ ગયા છે અને તાપમાન પણ ઊંચકાયું છે.(૨.૧૨)

### દેશમાં ૧લી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ

નવા નિયમોને લઈને ૭૫ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી તથા ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી પ્લાસ્ટિક કેરીબેગનાં ઉત્પાદન, આયાત, સ્ટોકિંગ, વિતરણ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ ૩૧ ડિસેમ્બર ૨૦૨૨ થી લાગુ થશે. બીજીતરફ આવી ચીજ-વસ્તુઓ પર પ્રતિબંધ મુકાયો હોવાથી તેના વિકલ્પરૂપે આવી ચીજોનું ઉત્પાદન કરવા માટે ઉદ્યોગો અને ઉત્પાદકોને ટેકનીકલ સહાય તથા માર્ગદર્શન અપાશે. એ માટે ખાસ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિબંધનાં અસરકારક અમલ માટે રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવી રહ્યા છે. નજર રાખવા માટે ખાસ અમલીકરણ ટીમોની રચના કરવામાં આવશે. આવી કોઈપણ ચીજોની રાજ્યો વચ્ચે હેરફેર અટકાવવા ચેક પોઈન્ટ પર ઉભા કરાશે. કેન્દ્ર સરકાર માને છે કે પ્રતિબંધની સફળતા તમામ હિતધારકોનાં સહિયારા પ્રયાસો અને જનતાની ઉત્સાહભેર ભાગીદારી થકી પ્રાપ્ત થઇ શકશે.(૨.૧૨)

### સ્વદેશી એન્ટી-ટેન્ક મિસાઈલનું સચોટ સફળ પરીક્ષણ

મેળવી છે. ભારતમાં ઘરઆંગણે ડીઆઈડીઓનાં વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો દ્વારા મિસાઈલનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. મીનીમમ અને મેક્ઝીમમ બંને અંતર માટેનાં પરીક્ષણમાં સફળતા મળી છે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંઘે ડીઆરડીઓ અને ભારતીય સેનાને ઘરેલું મિસાઈલનાં સફળ પરીક્ષણ બદલ અભિનંદન પાઠવ્યા હતા.(૨.૧૨)

### મહારાષ્ટ્રમાં કાલે શક્તિ પરીક્ષણઃ શિવસેના સુપ્રીમના શરણે

થનાર છે. એટલે સુપ્રીમના આદેશ પર મુંબઈથી દિલ્હી સુધી તમામની મીટ મંડાઈ છે. આજે સવારે ભાજપનાં નેતા દેવેન્દ્ર ફડણવીસ રાજ્યપાલ કોશિયારીને મળ્યા હતા અને મહાવિકાસ અઘાડી સરકારને બહુમત સાબિત કરવાનો આદેશ આપવા રાજ્યપાલ સમક્ષ જોરદાર માંગણી કરી હતી. એ પછી બપોરે ગવર્નરે વિધાનસભાના સેક્રેટરી જનરલને પત્ર લખી આવતીકાલે ગુરૂવારે ફ્લોર ટેસ્ટ માટે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવા આદેશ આપ્યો હતો. ફડણવીસે ગવર્નરને એક ખાસ પત્ર પણ આપ્યો હતો. ગઈકાલે ફડણવીસ દિલ્હીમાં ભાજપના ટોચના નેતાઓને પણ મળ્યા હતા અને મહારાષ્ટ્રના મામલા અંગે ચર્ચા કરી હતી. ફડણવીસે ગવર્નરને એવી સ્પષ્ટ રજૂઆત કરી હતી કે, ઉધ્ધવ ઠાકરેની સરકાર લઘુમતીમાં મુકાઇ ગઈ છે. એટલે અમે ગવર્નરને પત્ર પાઠવી ફ્લોર ટેસ્ટનો આદેશ આપવા વિનંતી કરી છે. ગવર્નરે ગુરૂવારે ખાસ સત્ર યોજવાનો આદેશ આપ્યો છે. આવતીકાલે સવારે ૧૧ વાગ્યાથી વિધાનસભાની એક દિવસીય ખાસ બેઠક શરૂ થશે. સાંજે પાંચ વાગ્યે મતદાન હાથ ધરવામાં આવશે. ભાજપે તેના તમામ ધારાસભ્યોને મુંબઈ પહોંચી જવા આદેશ આપ્યો છે. આ રીતે હવે શિવસેનાના બે જૂથો વચ્ચેની લડાઈએ નિર્ણાયક વળાંક લઇ લીધો છે. બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદેએ જાહેર કર્યું હતું કે, અમારા જૂથઅ તમામ ૩૯ ધારાસભ્યો આવતીકાલે ફ્લોર ટેસ્ટમાં હાજરી આપશે. આજે બાગીજૂથ ગુવાહાટીથી રવાના થઈને ગોવા પહોંચી રહ્યું છે. ગોવાની હોટેલ તાજમાં ૭૧ રૂમ બુક કરવામાં આવ્યા છે. આજે સાંજે બાગી ધારાસભ્યોનું જૂથ ગોવા પહોંચી જશે તેમ જાણવા મળ્યું છે. આવતીકાલે શિવસેનાના બાગી ધારાસભ્યો શિંદેની આગેવાનીમાં ફ્લોર ટેસ્ટમાં હાજરી આપશે તેવું એકનાથ શિંદેએ જાહેર કર્યું હતું. દરમ્યાન શિવસેનાના સાંસદ સંજય રાઉતે ગવર્નરના આદેશને પડકાર્યો છે અને એવો આક્ષેપ કર્યો છે કે, ગવર્નરે કાયદા મુજબ સત્રનું આયોજન કર્યું નથી. એટલે જ અમે ગવર્નરનાં આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનું નક્કી કર્યું છે.(૨.૧૨)

### કેજરીવાલ મોડેલનો અભ્યાસ કરવા ગુજરાત ભાજપની ટીમ દિલ્હીમાં

દવાખાના બતાવશું. ગુજરાતમાં તો સરકારી શાળાઓ ખંઢેર બની ગઈ છે. તૂટી-ફૂટી દિવાલો, ગંદકીથી ભરેલા ટોઈલેટ જોઇને બાળકો ત્યાંની શાળાઓમાં જતા પણ ડરે છે. ભાજપે એટલે જ અહીં ટીમ મોકલવાનું જરૂરી માન્યું છે. ભાજપનાં પ્રવક્તા પ્રવિણ શંકરે જણાવ્યું હતું કે, અમારે કઈ શાળામાં જવાનું છે એ આપ નક્કી ન કરી શકો. અમારે જ્યાં જવું છે ત્યાં અમને જવા દો. તમે ચોક્કસ શાળાઓમાં પહેલીથી તૈયારી કરીને અમને લઇ જવા માંગો છો પણ અમે વાસ્તવિકતા શું છે એ લોકો સામે મુકવા માંગીએ છીએ. (૨.૧૨)

### આયર્લેન્ડ સામે ૨-૦થી સિરીઝ જીતી

ગયો હતો. પરંતુ રવિ બિશ્નોઈનો નો-બોલ હોવાના કારણે તેને જીવનદાન મળ્યું હતું. જેના પરિણામે તેને વધુ એક તક મળી હતી.દીપક હુડા ટી૨૦ ઈન્ટરનેશનલમાં સદી ફટકારનારો ભારતનો ચોથો બેટર બની ગયો છે. તેના પહેલા રોહિત શર્મા (૪ સદી), કેએલ રાહુલ (૨ સદી) અને સુરેશ રૈના (૧ સદી) નોંધાવી ચુક્યા છે. લગભગ ચાર વર્ષ બાદ કોઈ ભારતીય બેટરે ઝ૨૦ ઈન્ટરનેશનલમાં સદી ફટકારી છે. આ પહેલા ભારત માટે છેલ્લી સદી રોહિત શર્માએ નવેમ્બર ૨૦૧૮માં ફટકારી હતી.દીપક અને સંજુએ બીજી વિકેટની ભાગીદારીમાં ૧૭૬ રન જોડ્યા હતા. આ ઝ૨૦ ઈન્ટરનેશનલમાં ભારત દ્વારા કોઈપણ વિકેટ માટે સૌથી વધુ ભાગીદારીનો રેકોર્ડ છે. અગાઉનો રેકોર્ડ કેએલ રાહુલ અને રોહિત શર્માના નામે હતો. ૨૦૧૭માં ઈન્દોરમાં શ્રીલંકા સામે ૧૬૫ રનની ભાગીદારી થઈ હતી.

# અમરનાથ યાત્રાનો રંગેચંગે પ્રારંભઃ બે વર્ષ બાદ પવિત્ર યાત્રા શરૂ થતાં ભક્તોમાં ભારે ઉત્સાહ







## લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પ્રથમ બેચને લીલીઝંડી આપી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
શ્રીનગર, તા. ૨૯

બહુપ્રતિક્ષિત બાબા અમરનાથ યાત્રા શરૂ થઈ ગઈ છે અને આ યાત્રાની પ્રથમ બેચ જમ્મુથી રવાના થઈ છે. બાબા અમરનાથની યાત્રામાં આ વખતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ જમ્મુ કેમ્પ ખાતે યાત્રાની પ્રથમ બેચને લીલી ઝંડી બતાવી હતી. આ દરમિયાન પૂજા-અર્ચના પણ કરવામાં આવી હતી. બમ-બમ ભોલે અને જય બાબા બરફાનીના નાદ વચ્ચે ભક્તોનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

વાસ્તવમાં, અમરનાથ યાત્રીઓની પ્રથમ બેચને જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ યાત્રી નિવાસ ભવન જમ્મુથી લીલી ઝંડી બતાવી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ત્રણ હજારથી વધુ શ્રદ્ધાળુઓ વહેલી સવારે કાશ્મીર ઘાટી જવા રવાના થયા હતા. શ્રદ્ધાળુઓ મંગળવારે અમરનાથ યાત્રા માટે જમ્મુના બેઝ કેમ્પ પહોંચ્યા હતા.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ બાબા અમરનાથ યાત્રા માટે રવાના થતા પહેલા વિધિવત પ્રાર્થના કરી અને ત્યારબાદ શિવભક્તોના મંત્રોચ્ચાર કર્યા બાદ યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. જમ્મુના બેઝ કેમ્પમાં આ વખતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. પરંપરાગત ડબલ રૂટ પર આ યાત્રા 30 જૂનથી શરૂ થશે. એક માર્ગ દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં ૪૮ કિલોમીટર લાંબો નુનવાન છે. બીજો મધ્ય કાશ્મીરના ગાંદરબલ ખાતે ૧૪ કિલોમીટર લાંબો બાલટાલ માર્ગ છે. જમ્મુમાં બાબા અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

તમામ સુરક્ષા દળોએ પ્રથમ બેચ રવાના થાય તે પહેલા બેઝ કેમ્પની અંદરના તમામ વાહનોની તપાસ કરી હતી. જુદી જુદી એજન્સીઓએ કડક પૂછપરછ કર્યા બાદ વાહનોને રવાના કર્યા હતા.

બાઇક સ્કવોડ કમાન્ડો મુસાફરોને સુરક્ષા પૂરી પાડી રહ્યા છે. ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પર કડક તકેદારી રાખવામાં આવી રહી છે. માહિતી અનુસાર, મુસાફરોને લઈ જતાં વાહનો પર રેડિયો ફ્રિક્વન્સી આઈડેન્ટિફિકેશન ટેગ લગાવવામાં આવ્યા છે. ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીર પ્રશાસન આ વર્ષે વિક્રમી સંખ્યામાં શ્રદ્ધાળુઓની અપેક્ષા રાખી રહ્યું છે.

# મનપા દ્વારા ૨૨ સફાઈ કામદારોના સ્વૈચ્છિક રાજીનામાં મંજૂર



## ૨૨ આશ્રિત વારસદારોને નિમણૂંકપત્ર એનાયત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં ફરજ બજાવતા સફાઈ કામદાર તેની નોકરી દરમ્યાન સફાઈ કામગીરીના કારણે કોઈ રોગના ભોગ બને અને મેડીકલ તપાસમાં કામ કરવા માટે અશક્ત જાહેર થાય તેવા સંજોગોમાં સ્વૈચ્છિક રાજીનામુ આપનાર સફાઈ કામદારના આશ્રિત વારસદારને રહેમરાહે નોકરી આપવાની પ્રથા અમલમાં છે.

શારીરિક અશકત સબબ સ્વૈચ્છિક રાજીનામુ આપનાર ૨૨ સફાઈ કામદારોના રાજીનામાં મંજુર કરવામાં આવેલ અને આ સફાઈ કામદારના ૨૨ આશ્રિત વારસદારને રહેમરાહે નોકરીના નિમણુંકપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, દંડક સુરેન્દ્રસિંહ વાળા, સેનિટેશન કમિટી ચેરમેન અશ્વિનભાઈ પાંભર, ડે.કમિશ્નર એ.આર.સિંહ, પર્યાવરણ ઈજનેર નિલેશભાઇ પરમાર, આસી.મેનેજર મનિષભાઈ વોરા, સફાઈ કામદાર યુનિયનના હોદેદાર મુકેશભાઈ પરમાર, અજયભાઈ વાઘેલા, ગીરધરભાઈ વાઘેલા તથા અન્ય હોદેદારો ઉપસ્થિત રહેલ. નોકરી મેળવનાર તમામ લાભાર્થીઓને પદાધિકારીઓ, અધિકારીઓ અને યુનિયનના આગેવાનોના વરદ હસ્તે નિમણૂંકપત્ર એનાયત કરવામાં આવેલ.

# મનપાના પ્લોટમાંથી અસ્થાયી દબાણ હટાવાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

આજે મહાનગરપાલિકાના વિસ્તાર વોર્ડ નં-૯ કૈલાસ પાર્ક શેરી નં-૪ માં અજાણ્યા આસામી દ્વારા મનપાના પ્લોટમાં ઘોડાઓ બાંધી દબાણ કરેલ હોવા અંગેની સ્થાનિક લતાવાસીઓ દ્વારા ફરીયાદ અન્વયે નાયબ મ્યુનિ. કમિશનર એ.આર. સિંહના માર્ગદર્શન હેઠળ જગ્યા રોકાણ (દબાણ હટાવ) શાખા, ટી.પી. શાખા, જ.ઠ.ખ. શાખા અને એ.એન.સી.ડી શાખા સાથે રહીને પ્લોટની અંદર બાંધેલ ઘોડાને એ.એન.સી.ડી. શાખા દ્વારા જપ્ત કરવામાં આવેલ છે. પ્લોટની અંદરનું તમામ અસ્થાયી દબાણ દૂર કરવામાં આવેલ છે.



# નાણાંના ધીરધાર કરનારાઓને તમામ કામગીરી ઓનલાઇન કરવા સુચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

ગુજરાત રાજ્યમાં નાણાંની ધીરધાર કરનારા માટેના અધિનિયમ - ૨૦૧૧ અને નિયમો - ૨૦૧૩ અંતર્ગત નવા રજીસ્ટ્રેશન તેમજ રજીસ્ટ્રેશન રીન્યુ કરવા અંગેની અરજીઓ www. ecoope rative.gujarat.gov.in ની વેબસાઇટ પર ઓનલાઈન કરવાની રહેશે. તથા આ અંગેની વધુ માહિતી માટે હેલ્પલાઇન નં- (૦૨૮૧) ૨૪૭૬૭૦૦ નો સંપર્ક કરવાનો રહેશે. હવેથી નાણા ધીરધાર કરનારાઓના રજીસ્ટ્રેશન તેમજ રીન્યુઅલની અરજીઓ તથા સંલગ્ન અન્ય કામગીરીઓ ઓનલાઈન કરવાની રહેશે, તેમ રજીસ્ટ્રાર ઓફ મનીલેન્ડર્સ અને જિલ્લા રજિસ્ટ્રાર વી. આર. કપુરીયાની યાદીમાં જણાવાયું છે.

# લેન્ડ ગ્રેબિંગના ગુનામાં આરોપીની જામીન અરજી મંજુર કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

રાજકોટની અમરગઢ ગામની જમીનના લેન્ડ ગ્રેબીંગ ગુનામા આરોપીની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજુર કરી હતી. આરોપીઓ વિજયભાઇ સોલંકી, ઉમેશભાઇ સોલંકી, ઉમેશભાઈ સોલંકી ત્રણેય રહે.મુ. હાજાપર, જી.રાજકોટ વિગેરે વિરૂધ્ધ રાજકોટ તાલુકાની અમરગઢ ગામની સરકારી ખરાબાની જમીન પચાવી પાડી, આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યા બાબતે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમા મામલતદારએ લેન્ડ ગ્રેબીંગ એકટની કલમ મુજબ ગુન્હો દાખલ થયેલ.



એડવોકેટઃ અલ્પેશ પોકીયા

તપાસ દરમ્યાન પોલીસે તમામ ત્રણેય આરોપીઓની ધરપકડ કરી જેલમા મોકલેલ. આ કેસમા જેલ હવાલે રહેલ ત્રણેય આરોપીઓએ જામીન ઉપર છુટવા કરતા આરોપીના જામીન મંજુર કરવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ વતી ધારાશાસ્ત્રી અલ્પેશ વી. પટેલ પોકીયા, અમીત વી. ગડારા, ભાર્ગવ જે. પંડ્યા, કેતન જે. સાવલીયા, પરેશ બી. મૃગ, વંદના એચ. રાજ્યગુરૂ, રીતેશ ડી. ટોપીયા વીગેરે રોકાયેલ હતા.

# પશ્ચિમ રેલવે દ્વારા બે ટ્રેનોનું વધારાનું સ્ટોપેજનો ઈ-શુભારંભ કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ ટ્રેન નંબર ૨૦૯૧૩/૨૦૯૧૪ રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસને થાન સ્ટેશન પર અને ટ્રેન નંબર ૧૯૫૬૮ ઓખા-તુતીકોરીન વિવેક એક્સપ્રેસને સુરેન્દ્રનગર સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે છ મહિના માટે વધારાનું સ્ટોપેજ આપવાનો નિર્ણય કર્યો છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર, 30મી જૂનથી ઉપડનારી ટ્રેન નંબર ૨૦૯૧૩ રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસને થાન સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આથી આ ટ્રેન થાન સ્ટેશને ૧૫.૫૯ કલાકે પહોંચશે અને ૧૬:૦૧ કલાકે ઉપડશે. એ જ રીતે, ૧ જુલાઇથી ઉપડનારી ટ્રેન નંબર ૨૦૯૧૪ દિલ્હી સરાય રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસ થાન સ્ટેશન પર ૭.૩૫ કલાકે આવશે અને ૭.૩૭ કલાકે ઉપડશે. આ ઉપરાંત ૧લી જુલાઈથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૫૬૮ ઓખા-તુતીકોરીન વિવેક ને સુરેન્દ્રનગર સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આથી આ ટ્રેન સુરેન્દ્રનગર સ્ટેશને ૭:૧૪ કલાકે આવશે અને ૭:૧૬ કલાકે ઉપડશે. તેવી જ રીતે, તા.૩ જુલાઈથી ઉપડનારી ટ્રેન નંબર ૧૯૫૬૭ તુતીકોરીન-ઓખા વિવેક એક્સપ્રેસ સુરેન્દ્રનગર સ્ટેશન પર ૨૦:૨૫ કલાકે આવશે અને ૨૦:૨૭ કલાકે ઉપડશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને માળખા વિશે વિગતવાર માહિતી માટે www. enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


ડો. મહેન્દ્રભાઈ મુંજપરા, રાજ્યમંત્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, આયુર્વેદ, યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા મંત્રાલય, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી (આયુષ) ઉપરોક્ત બંને ટ્રેનોના સ્ટોપેજનું વર્ચ્યુઅલ રીતે ઈ-શુભારંભ કરશે.

# એડવોકેટ હર્ષાબેન મકવાણાનો આજે જન્મદિવસ



રાજકોટઃ અખિલ ગુજરાત કર્મચારી સોશિયલ એન્ડ વેલફેર સોસાયટીના લીગલ અડવાઇઝર એડવોકેટ હર્ષા મકવાણાનો આજે જન્મદિવસ છે. સંઘર્ષમય જીવન જીવવાની કળા અને મમતા મહિલા મંડળના પ્રમુખ તરીકે સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આગળ રહી મહિલાના વિવિધ કાર્યો કરવા માટેના અસરકારક ઉપાયો કરી રહ્યા છે. મહિલા સાથે થતાં અન્યાય સામે અવાજ ઉઠાવવાની હિંમત કરીને ન્યાય અપાવવા લડત કરે છે. નીડર ઉત્સાહી લાગણીશીલ સ્વભાવના કારણે તે લોકપ્રિય બની ગયા છે. તેમના મો.નં.૮૫૧૧૨૫૦૧૨૯ પર ઠેરઠેરથી શુભેચ્છા વર્ષા વરસી રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી હર્ષાબેનને જન્મદિવસની શુભકામનાઓ...

# ધારાશાસ્ત્રી બિનેશભાઈ પટેલનો આજે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટનાં જાણીતા ધારાશાસ્ત્રી બિનેશ પટેલનો આજે જન્મદિવસ છે. ૧૯૮૬ થી રાજકોટમાં વકીલાત ચાલુ કરેલ. તેઓ અનેક સામાજીક સંસ્થા તથા હાલમાં રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરમાં સભ્ય તરીકે તેમજ રોટરી ગ્રેટરનાં પોર્ટફોલિયો ચેરમેન તરીકે ઘણા વરસો સુધી સેવા આપેલ. તેઓ ઘણા જ ચર્ચાસ્પદ કેસોમાં વકીલ તરીકે રહી ચૂકેલ છે. તેઓને અનેકનાં નામી-અનામી શુભેચ્છાનાં સંદેશાઓ મળી રહેલ છે. તેઓનાં મો.૯૪૨૭૩૫૫૯૨૪ પર મિત્રો, સગા-સ્નેહી દ્વારા શુભેચ્છાઓઓ ધોધ વરસી રહ્યો છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી એડવોકેટ બિનેશ પટેલને જન્મદિવસની ખૂબ- ખૂબ શુભકામનાઓ...

# જેલમાં કેદીઓ વચ્ચે જીવલેણ હુમલો કરવાના ગુન્હામાં આરોપીઓનો જામીન પર છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

ખુનના ગુન્હામાં જેલ હવાલે રહેલ આરોપીને અન્ય આરોપીઓએ જમવાનો નજીવો બાબતમાં માર મારવાના ગુન્હામાં આરોપીઓનો જામીન પર છુટકારો ફરમાવતો હુકમ કોર્ટ કરેલ છે.



એડવોકેટઃ જીજ્ઞેશ સભાડ



એડવોકેટઃ રણજીત મકવાણા

આ કેસની હકીકત મુજબ ફરીયાદી અશોકભાઈ દેવાભાઈ મકવાણા, સુરેન્દ્રનગરના દશાડા ખાતેના ખુનના ગુન્હામાં સજકોટ મધ્યસ્થ જેલમાં રહે છે. જેની સાથે અન્ય ત્રીસેક કેદીઓ રહેલ છે. ગત તા.૨૯/૩/૨૦૨૨ ના રોજ ફરીયાદી જમવાના વાસણ લેવા ગયેલ હતા અને આરોપી યુવરાજસિંહ જાડેજા બેરેકમાં જમવાનું પીરસતા હોય જેથી ફરીયાદીએ પોતાની ડીસમાં જમવાનું રાખી દેજો હું હમણા આવુ છું તેમ કહેતા આરોપી યુવરાજસિંહ એકદમ ઉશ્કેરાઈ જઈને ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી ઢીકાપાટુ માર મારવામાં લાગેલ અને બીજા કેદી અનિરૂધ્ધસિંહ સોઢા, તથા સીરાજ બારોટ ફરીયાદીનો ડાબો હાથ પકડીએ ઢીકા પાટુનો માર મારતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જેવી ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ પ્ર. નગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદીને ફરીયાદ નોંધાવેલ જેથી આરોપી અનિરૂધ્ધસિંહ ઉર્ફે અનોપસિંહ વિશુભા સોઢા, યુવરાજસિંહ ઉર્ફે હકુડીયો પ્રવિણસિંહ જાડેજા, સીરાજ ઉર્ફે જીવણો મનસુખભાઈ મકવાણાની ધરપકડ કરવામાં આવેલ અને આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરતા તમામ આરોપીઓને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ ફરમાવેલ હતો અને ત્યારબાદ ત્રણેય આરોપીઓ વતી પોતાના એડવોકેટ મારફત જામીન પર છુટવા જામીન અરજી ગુજારેલ, જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલા એડવોકેટે કરેલ દલીલ તેમજ તાજેતરમાં એટ્રોસીટીના ગુન્હા સબબ નલ્સ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા જુદા જુદા ચુકાદાઓને ધ્યાનમાં રાખી સ્પે. એટ્રોસીટી કોર્ટના મહે . જજ સાહેબે તમામ આરોપીઓને જામીન પર છોડવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, રોકાયેલા હતા.

## અવસાન નોંધ

રાજકોટઃ સ્વ.ભારતીબેન ગીરધરભાઈ કગથરા (પટેલ),(ઉ.વ.૬૫), જેઓ સાગરભાઈના માતા તેમજ ગીરધરભાઈ (બટુકભાઈ) ના પત્ની અને હરકિશનભાઈ (નાનુમામા) તથા દિપકભાઈના ભાભીનું તા.૨૮ ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૩૦ ને ગુરૂવારે સાંજે ૪ થી ૫:૩૦ અમરનાથ મહાદેવ મંદિર, સહકાર મેઈન રોડના છેડે, ત્રિશુલ ચોક નજીક, હસનવાડી મેઈન રોડ, ખાતે રાખેલ છે.

રાજકોટઃ ઈન્દીરાબેન તુલસીદાસ આણંદપરા (ઉ.વર્ષ ૮૧) તે સ્વ. તુલસીદાસ વિઠલદાસ આણંદપરાના પત્નિ તેમજ દિપક,પરેશ, હિતેષ તથા છાયાના માતા તેમજ દિપકકુમાર ગગલાણીના સાસુ તેમજ સ્વ.અરવિંદભાઈ તથા સ્વ. પ્રવિણભાઈ તથા રમેશભાઈ જગમોહનદાસ પારેખના બહેન તેમજ પ્રણવ, ચિરાગ, હર્ષ, ચિંતન, બ્રિન્દા, આશા, દષ્ટિ, ભુમી, દર્ષ, પ્રિશાના દાદીમાં તા.૨૭ ના રોજ અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૩૦ ને સાંજે ૫ થી ૬:૩૦ કલાકે જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, અમીન માર્ગ રેલ્વે ફાટક પાસે, રાખેલ છે.

રાજકોટઃ કુસુમબેન પરમાર (ઉ.વ .૭૦) તેઓ હેમતલાલ શામજીભાઇ પરમારના પત્નીનું તા.૨૬ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૩૦ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે નૂતન સર્વોદય કો.ઓ. હાઉસીંગ સોસાયટી લિમિટેડ, કાલાવડ રોડ પોસ્ટ ઓફિસ સામે, જલારામ પેટ્રોલપંપ પાસે, રાખેલ છે. મો. નં.૯૯૭૯૮૬૨૨૦૦, ૯૯૦૪૩૪૬૫૩૩.




PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

### શ્રી ચુંવાળીયા કોળી (ઠાકોર) વિદ્યાર્થી ભુવન અને બોર્ડીંગ-રાજકોટ દ્વારા

# સંતશ્રી વેલનાથ જન્મજયંતિ ઉત્સવ-શોભાયાત્રાનું આયોજન

## શોભાયાત્રામાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક ફલોટ્સ, ૧૫૦ શણગારેલી કાર, ટ્રક, ટ્રેકટર, ૫૧ બુલેટ તેમજ ૩૫૦ બાઈક આકર્ષણનું કેન્દ્ર બની રહેશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

શ્રી ચુંવાળીયા કોળી (ઠાકોર) વિદ્યાર્થી ભુવન અને બોર્ડીંગ-રાજકોટ દ્વારા આયોજીત સંતશ્રી વેલનાથ જન્મજયંતિ ઉત્સવની ભવ્ય શોભાયાત્રાનું આયોજન આગામી તા.૧-૭ ને શુક્રવારના રોજ આયોજન કરવામાં આવેલ છે. જેનો રૂટ કિશાનપરા ચોકથી પ્રસ્થાન થઈ પેડક રોડ અટલબિહારી બાજપાઈ હોલ પૂર્ણ થશે.

આ શોભાયાત્રાને સફળ બનાવવા માટે સમિતી તથા આગેવાનો દ્વારા તડામાર તૈયારી છેલ્લા દોઢ મહિનાથી રાજકોટ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમા સભાઓનું આયોજન કરેલ હતું.

આ શોભાયાત્રામાં વિવિધ પ્રકારના સાંસ્કૃતિક ફલોટ્સ, ૧૫૦ ઉપરાંત શણગારેલી કાર, ટ્રક, ટ્રેકટર, ૫૧ બુલેટ તેમજ ૩૫૦ ઉપરાંત બાઈક સાથે ડિજેના સથવારે સમાજના નામાંકિત ગાયક કલાકારો દ્વારા ફલોટ્સમાં ભજનો, મહિલા મંડળો દ્વારા ધુન-ભજન, સંતશ્રી વેલનાથ મંડળોની રાસમંડળી, વિવિધ પ્રકારની વેશભૂષાથી આ શોભાયાત્રા આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ શોભાયાત્રામાં દરેક સમાજના આગેવાના દ્વારા રાજકોટના રાજમાર્ગો પર ડોમ બનાવીને આ ભવ્ય શોભાયાત્રાનું સ્વાગત કરશે.



રાજકોટઃ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' મુલાકાતે પધારેલા ભરતભાઈ મકવાણા, રામભાઈ ઘેણોજા, સુભાષભાઈ અઘોલા, યોગેશભાઈ રિબડીયા, રાજુભાઈ પંચાસરા, રોહિતભાઈ લક્ષ્મણભાઈ તસવીરમાં નજરે પડે છે.

આ શોભાયાત્રામાં સમાજના સંતશ્રી રામદાસબાપુ, સંતશ્રી સાયનાથ બાપુ, ભગતશ્રી મનુભાઈ ઘણોજા, ભગતશ્રી વાઘજીભાઈ સિતાપરા, સંતશ્રી નિર્મળદાસજી સ્વામી પધારશે સાથે સાથે મહાનુભાવો ડો. મહેન્દ્ર મુજપરા (કેન્દ્રીયમંત્રી), ધર્મેશભાઈ જીંજવાડીયા (ચુંવાળીયા કોળી સમાજ પ્રમુખ-ગુજરાત) જગદિશભાઈ ઠાકોર (ગુજરાત કોંગ્રેસ-પ્રમુખ), પરસોતમભાઈ સાબરીયા (ધારાસભ્ય હળવદ), બાબુભાઈ ઉઘરેજા (કોર્પોરેટર) નયનાબેન બી. બાળોન્ઝા (દંડક જીલ્લા પંચાયત રાજકોટ) કંકુબેન ઉઘરેજા (કોર્પોરેટર) દિનેશભાઈ મકવાણા, વિરજીભાઈ સનુરા, દેવજીભાઈ ફતેપરા, કુંવરજીભાઈ બાળવીયા (પૂર્વ કેબિનેટ મંત્રી) અલ્પેશભાઈ ઠાકોર રમેશજી ઠાકોર, ભરતભાઈ એસ.ડાભી, (રાજકોટ તાલુકા પંચાયત સદસ્ય), રાજકોટ જીલ્લા સમાજના સરપંચઓ, જય વેલનાથ મહિલા મંડળો, સમસ્ત કોળી ઠાકોર સમાજની સ્નેહી સંસ્થાઓ, સંતશ્રી વેલનાથ યુવક મંડળો વગેરે અનેકવિધ મહાનુભાવો શોભાયાત્રામા જોડાશે.

**રથયાત્રાનો રૂટઃ કિશાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, બહુમાળી ભવન, હોસ્પિટલ ચોક, પારેવડી ચોક, ભાવનગર રોડ, પટેલ વાડી, પેડક રોડ, બાલક હનુમાન**

ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના આગેવાનઓ, બોર્ડીંગના આજીવન સભ્યઓ, સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ, સંતશ્રી વેલનાથ સમૂહલગ્ન સમિતિના હોદેદારો, સંતશ્રી વેલનાથ જન્મ જયંતિ ઉત્સવના હોદેદારો, સંતશ્રી વેલનાથ યુવક મંડળો, મહિલા મંડળો તેમજ સંતશ્રી વેલનાથ જન્મજયંતિ સમિતિના પ્રમુખ દેવભાઈ કોરડીયા, મહામંત્રી દિપકભાઈ માનસુરીયા, ખજાનચી પ્રતાપભાઈ રિબડીયા, ઈન્ચાર્જ દેવાંગભાઈ કુકાવા દ્વારા સર્વે જ્ઞાતીજનો તથા ધર્મપ્રેમી જનતાને બહોળી સંખ્યામાં પધારવા જણાવ્યું છે.

## રજપૂત યુથ ફાઉન્ડેશન દ્વારા આયોજીત ખેલ મહોત્સવ સંપન્ન



**૭૫ થી વધુ બાળકોએ વિવિધ રમતમાં ઉત્સાહભેર ભાગ લીધો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

સોરઠીયા રાજપૂત યુવા ભાઈ-બહેનોનાં સેવા અને સહકાર થકી કાર્યરત રજપૂત યુથ ફાઉન્ડેશન દ્વારા સોરઠીયા રજપૂત સમાજના બાળકો માટે શારીરિક અને માનસીક કસોટી કરતી રમતોનો ખેલ મહોત્સવ નાગર બોર્ડીંગ, ખાતે સવારે ૯ વાગ્યે રાખવામાં આવેલ હતો.

આ ખેલમહોત્સવના દિપ પ્રાગ્ટયમાં અતિથી વિશેષ તરીકે જાણીતા ન્યુરો સર્જન ડો.હેમાંગભાઈ વસાવડા, મહેશભાઈ રાજપુત, ઘનશ્યામભાઈ ડોડીયા, પ્રવિણભાઈ પરમાર, પંકજભાઈ પઢીયાર, પી.એમ. ચૌહાણ,પ્રફુલાબેન ચૌહાણ, સ્વાતીબેન રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ મહેમાનો હાજરીમાં ખેલ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવેલ જેમાં સોરઠીયા રજપૂત સમાજના ૭૫ થી વધુ બાળકોએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે કોથળા દોડ, લીંબુ ચમચી, પોટેટો રેસ, સંગીત ખુરશી અને ઈંટો જેવી રમતમાં ઉત્સાહ ભેર ભાગ લીધેલ હતો. આ સ્પર્ધાઓનાં વિજેતાઓને ઈનામો અને સન્માન પત્ર આપવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાના સુંદર આયોજન બદલ પ્રકાશભાઈ ચૌહાણ, સ્વાતીબેન રાઠોડ, ઘનશ્યામભાઈ ડોડીયા, પંકજભાઈ પઢીયાર, પ્રવિણભાઈ પરમાર, પ્રવિણભાઈ ચૌહાણ, પ્રફુલાબેન ચૌહાણ, સંજયભાઈ સોલંકી અને જીતેશભાઈ ચૌહાણ તરફથી આર્થિક અનુદાન મળેલ હતું.

આ કેમ્પને સફળ બનાવવા રજપૂત યુથ ફાઉન્ડેશનનાં પ્રમુખ ભાર્ગવ પઢીયારના માર્ગદર્શન હેઠળ ઉપપ્રમુખ-અલ્પેશ ગોહીલ, વિરલ રાઠોડ (વિક્કી), જોઈન્ટ સેક્રેટરી-વિજયસિંહ ચૌહાણ, ટ્રેઝરર-ગૌરવ ચૌહાણ, તેમજ કારોબારી સભ્ય મિલન પરમાર, વિપૂલ ચૌહાણ સહિત મન્સ્વીબેન પઢીયાર, રેખાબેન ગોહીલ, જાગૃતિબેન ચૌહાણ, રૂપલબેન રાઠોડ, ગીતાબેન ચૌહાણ, વૈશાલીબેન પરમારએ જહેમત ઉઠાવેલ હતી.

## પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા અષાઢી બીજની અનોખી ઉજવણી કરાશે

**ગામડાઓમાં પક્ષીઓના ચબુતરાની સફાઈ કરવી, ચણ એકત્ર કરવાનો કાર્યક્રમઃ વિજય કોરાટ**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિતેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ મહામંત્રીઓ હિરેનભાઈ હીરપરા, સરદારભાઈ ચૌધરીની રાહબરીમાં રાજ્યના કિસાનોનો સર્વાંગી વિકાસ થાય તે માટે થઈ સમયાંતરે સમગ્ર ગુજરાતમાં વિવિધ કૃષિલક્ષી કાર્યક્રમો આપવામાં આવતા હોય છે. આવતી અષાઢી બીજને લઈને પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા આ વખતે નવતર તેમજ સમાજને રાહ ચિંધનારો કાર્યક્રમ કરવામાં આવશે. પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા આષાઢી બીજની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતના ગામડાઓમાં આવેલા પક્ષીઓના ચબુતરાની સફાઈ કરવી અને લોકો પાસેથી ચણ એકત્ર કરવાનો કાર્યક્રમ કરવામાં આવશે. આ કાર્યક્રમના પ્રદેશ ઈન્ચાર્જ તરીકે સુરેશભાઈ વસરા તેમજ પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટને સહ-ઈન્ચાર્જ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ચોમાસા દરમ્યાન વરસાદને કારણે પક્ષીઓને જરૂરી ખોરાક મળતો નથી. જેને કારણે આ અષાઢી બીજની પ્રદેશ ભાજપ કિસાન મોરચા દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવશે.

### સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે

## દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂડ કેમ્પ યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે તા.૧/૭ શુક્રવારથી ૩/૭ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળું સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.



સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર,આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા.૧/૭ ને રવિવાર ના રોજ સવારે ૮:૩૦ કલાકે સરગમભવન, જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૭ ના રોજ સવારે ૮:૩૦ ખાસ ઉપસ્થિત રહેવું. આ કેમ્પ ત્રણ દિવસ ચાલશે પણ દર્દીઓએ ખાસ તા.૧/૭ ના રોજ સવારે ૮:૩૦ કલાકે રૂબરૂ આવી જવું અને નામ નોંધાવી દેવું. આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. તેમ જણાવ્યું છે.

## ફેમિલી પ્લાનિંગ એસો. ઓફ ઈન્ડિયા બ્રાંચની એન્યુઅલ જનરલ મિટિંગ સંપન્ન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાંચની વર્ષ ૨૦૨૦ ની એન્યુઅલ જનરલ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં લોકો સહભાગી થયા હતા. વર્ષ-૨૦૨૦ સંસ્થાનો વાર્ષિક રીપોર્ટ સંસ્થાના સેક્રેટરી એચ.આર. જરીયાએ રીપોર્ટની બાબતોથી માહિતગાર કર્યા હતા. તથા સર્વાનુમતે રીપોર્ટને માન્ય રાખવામાં આવ્યો હતો.

આ મિટિંગમાં સંસ્થાનો સ્ટાફગણ, તથા પ્રમુખ મહેશભાઈ મેહતા, સેક્રેટરી હસમુખભાઈ જરીયા ખજાનચિ વિજયભાઈ ધગત તથા નિકિતા સોનગરા, મેમ્બર ડો તેજસભાઈ શાહ, રાજેશભાઈ ગોંડલીયા, છનાભાઇ રૈયાણી,પરેશભાઈ જનાની, જગદીશ ભાડજા, બ્રાંચ યુવા પ્રતિનિધિ કુ.પાયલ રાઠોડ તથા સંસ્થાના રજીસ્ટર થયેલા મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ બાર એસો.ના કારોબારી સભ્ય વિવેક સાતાનો કાલે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટના યુવા એડવોકેટ તથા રાજકોટ બાર એસોસિએશનના કારોબારી સભ્ય, બ્રહ્મસમાજના સેવાભાવી કાર્યકર્તા તેમજ ડિસ્ટ્રીકટ કોર્ટ તેમજ ફેમિલી કોર્ટના લીગલ એડવોકેટ વિવેક સાતાનો કાલે ૩૩ મો જન્મદિવસ છે. વર્ષ-૨૦૧૨ માં વિવેક સાતાએ સનંદ મેળવી જામખંભાળીયાથી વકીલાતની શરૂઆત કર્યા બાદ વર્ષ-૨૦૧૬ માં રાજકોટ મુકામે વકીલાત શરૂ કરેલ. હાલ તેઓ છેલ્લા એક વર્ષથી સ્વતંત્ર વકીલાત કરી રહ્યા છે. એડવોકેટ વિવેક સાતાએ ક્રિમીનલ કેસોની પ્રેકટીસ કરી અનેક ચકચારી કેસોમાં સફળતા મેળવેલ છે. તેઓ હાલમાં રાજકોટ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં લીગલ એડવોકેટ તરીકે મફત સહાય આપી રહ્યા છે. તેઓ ગત રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં કારોબારી સભ્ય તરીકે જંગી બહુમતીથી ચૂંટાયેલ છે. તેમનો મોબાઈલ નં. ૯૮૨૫૯ ૧૨૨૦૦ તથા ૯૭૧૪૩ ૧૨૨૦૦ પર મિત્રો, સગા સ્નેહી, વકીલો દ્વારા શુભેચ્છાઓનો ધોધ વરસો રહ્યો છે. ત્યારે 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી એડવોકેટ વિવેક સાતાને જન્મદિવસની ખૂબ-ખૂબ શુભકામનાઓ...

## વાદળછાંયો વરસાદની સંતાકૂકડી...



**(બ્રિજેશ વેગડા દ્વારા)** ચોમાસું ક્યાંક જમાવટ લઈ રહ્યું છે તો ક્યાંક માત્ર વાતાવરણ સર્જી બફારાનો ઉકરાટ ફેંકી રહ્યો છે જો કે સમી સાંજના થોડી આશા જાગે તેવું માત્ર વાતાવરણ કરીને સંતાકુકડી રમી રહેલ ચોમાસુને ઉનાળો હજુ વરસાદ ન વરસતા બિયારણની ચિંતા જગતના તાત કરી રહ્યા છે.

## કાલે ડોકટર્સ ડેઃ ડોકટર્સને ઋણ ચુકવવાનો અનેરો દિવસ

### જોહર કાર્ડસ તથા જોહર ગેલેરીમાં ગીફટ-કાર્ડસની ભવ્ય વેરાયટીઓ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

વિશ્વભરમાં તા.૧લી જુલાઈ શુક્રવારે ડોકટર્સ ડેની ભવ્ય ઉજવણી થશે. કહેવાય છે કે, ભગવાનનું બીજુ સ્વરૂપ ડોકટર હોય છે. દરેક પરિવાર પોતાની તંદુરસ્તી માટે સાદીકે ભયંકર બીમારીમાં ડોકટરની સલાહ સૂચન લેતા હોય છે. બનતી તમામ કોશીષ કરીને સાજા કરી આપે છે. ડોકટર્સ પણ દર્દીઓ સાથે પોતાના પરિવારના સભ્ય હોય તેવું વર્તન લાગણી કેળવી તેમની સ્વસ્થ્ય અંગેની



સારવાર કરી આપતા હોય છે. ૧લી જુલાઈ શુક્રવારેના રોજ તમારા ફેમિલી ડોકટર્સ અથવા મિત્ર ડોકટર્સને શુભેચ્છા આપવા માટે ડો.યાજ્ઞીક રોડ ઉપર આવેલ જોહર કાર્ડસવાળા યુસુફઅલીભાઈ તથા હસનેનભાઈ તથા કાલાવડ રોડ પ્રેમ મંદિરની લાઈનમાં ગાર્ડન સામે આવેલ જોહર ગેલેરીવાળા જોહરએ જણાવ્યું કે આ વર્ષો ડોકટરને આપવા માટે ગીફ્ટ તથા કાર્ડસમાં ભવ્ય વેરાયટીઓ આવેલ છે. જોહર કાર્ડસ તથા જોહર ગેલેરીના અચુક મુલાકાત લેવા જણાવ્યું છે.

## રાજકોટ જિલ્લાની 'બેટી બચાઓ-બેટી પઢાઓ' ટાસ્કફોર્સ કમિટીની રીવ્યુ બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

રાજકોટ જિલ્લાના મહિલા અને બાળ વિકાસ વિભાગની 'બેટી બચાઓ - બેટી પઢાઓ' યોજના અંતર્ગત જિલ્લાની ટાસ્કફોર્સ કમિટીની રીવ્યુ બેઠક કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ રીવ્યુ બેઠકમાં મહિલા અને બાળ વિકાસ અધિકારી જનકસિંહ ગોહિલે કલેકટરને પ્રેઝન્ટેશન મારફત બેટી બચાઓ - બેટી પઢાઓ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં કરેલી કામગીરીની જાણકારી આપી હતી. તેમજ વર્ષ ૨૦૨૨-૨૩ના આયોજન અંગે ચર્ચા કરી હતી. સાથો સાથ કલેકટર દ્વારા પરિણામલક્ષી આયોજન સાથે કામગીરી કરવાનું સૂચન કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, બાળ સુરક્ષા અધિકારી મિત્સુબેન વ્યાસ, ડી.વાય.એસ.પી. પી.એસ.ગોસ્વામી સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જુગારધારાના કેસમાં છ આરોપીનો નિર્દોષ છુટકારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૯

આ કેસની હકીકત મુજબ ગત તા.૧૯-૧૦-૨૦ ના મેહુલનગર શેરી નં.૧૦ ખાતે સુનીલભાઈ નગીનભાઈ કેશરીયા પોતાના સાંગણવાડી મકાનમાં બહારથી માણસો બોલાવી ગંજીપત્તા વડે તીનપતીનો જુગાર રમાડે છે તેવી બાતમી મળતા ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ દ્વારા રેડ પાડતા કુલ છ ઈસમો જુગાર રમતા મળી આવેલ. જેમાં સુનીલભાઈ નગીનભાઈ કેશરીયા, અનિલભાઈ પ્રભુદાસ



**એડવોકેટઃ અશોક ચાંડપા**

ઓડેદરા, રાકેશભાઈ હિમ્મતલાલ પારેખ, રજનીકાંત લક્ષ્મણભાઈ કોરાટ, દિનેશ ચંદુલાલ જરીયા તથા ખેતશીભાઇ ખોડાભાઈ વાવેસાની ધરપકડ કરી ગુન્હો નોંધવામાં આવેલ હતો. ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. કેસ કોર્ટમાં ચાલવા પર આવતા ફરિયાદ પક્ષ પોતાનો કેસ નિઃશક સાબિત કરી શકેલ નહીં. પંચોએ બનાવને સમર્થન આપેલ નહીં તેમજ આરોપીઓના વકીલની રજૂઆતને માન્ય રાખી કોર્ટ દ્વારા તમામ આરોપીઓનો નિર્દોષ છુટકારો કરતો હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં આરોપીઓની વકીલ અશોક બી. ચાંડપા તથા હાર્દિક જીવાણી રોકાયેલ હતા.

## જસદણ સરકારી હોસ્પિટલને અપગ્રેડ કરો

### રાજયનું આરોગ્ય તંત્ર શા માટે કાયમી ડોકટરોની ભરતી કરતા નથી?

**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**

જસદણ, તા.૨૯

જસદણની સરકારી હોસ્પિટલને લાંબા સમયથી સરકાર દ્વારા અપગ્રેડ કરવામાં આવી છે પણ સરકાર દ્વારા જ આ હોસ્પિટલમાં પુરતા વાહનો દવાઓ ડોકટરો સ્ટાફ જ મુકવામાં આવ્યો નથી એમ સામાજીક કાર્યકર અમરશી રાઠોડએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જસદણમાં અત્યારે પણ મોટાં ભાગના દર્દીઓને વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી



રહ્યા છે. ત્યારે અપગ્રેડનો અર્થ શું? હાલ અધિક્ષક ગાયનેક વિભાગમાં ડોકટરોની કામગીરી સારી છે કેટલાંક ડોકટરો માત્ર એક કલાક આવે છે ત્યારે વિવિધ ડોકટરોની જરૂર હોવા છતાં ડોકટરોને કાયમી કેમ કરવામાં આવતા નથી? જસદણ શહેર અને તાલુકાના દર્દીઓ વર્ષોથી વિવિધ નિષ્ણાંત કાયમી ડોકટરોની ભરતી ન હોવાને કારણે હેરાન થાય છે ત્યારે રાજ્યનું આરોગ્ય તંત્ર શા માટે કાયમી ડોક્ટરોની ભરતી કરતાં નથી આના કારણે દર્દીઓને સારવાર માટે ખાનગી અથવા રાજકોટ સરકારી હોસ્પિટલમાં જવું પડે છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# સિંગતેલનાં ભાવમાં રૂ.૪૫નો વધારો

રાજકોટ: ગત મે માસની સરખામણીએ જૂનમાં સિંગતેલમાં રૂપિયા ૫૫નો ઘટાડો થયો હતો. જ્યારે બે દિવસમાં સટોડિયા સક્રિય થયા છે. જેને કારણે સિંગતેલ સહિતના ખાદ્યતેલમાં ફરી ભાવવધારો ઝીંકાયો છે. મંગળવારે સિંગતેલના ભાવમાં ફરી વધારો થયો હતો. બે દિવસમાં સિંગતેલમાં રૂપિયા ૪૫, કપાસિયામાં ૬૦, પામોલીનમાં ૩૫, સનફ્લાવરમાં ૪૦નો ભાવવધારો થયો છે. સાતમ આઠમના તહેવાર નજીક આવી રહ્યા છે આ સમયે સામાન્ય કરતા ભાવ વધારે હોય છે. તેવામાં તહેવાર શરૂ થાય એ પૂર્વે જ ભાવવધારો લાગુ થતા સિંગતેલના ડબ્બાએ રૂપિયા ૨૭૦૦ સપાટી કુદાવી છે. વેપારીઓના જણાવ્યાનુસાર છેલ્લા કેટલાક સમયથી સતત ભાવઘટાડો રહ્યો હતો. નીચા મથાળે ખરીદી રહ્યા બાદ ભાવમાં ખરીદી ફરી ઉંચા મથાળે થવા લાગી છે. જેને કારણે તેલના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે હજુ ૨૦થી ૩૦ રૂપિયાનો ભાવવધારો આવે એવી સંભાવના છે.

જેને કારણે તહેવારમાં જ લોકોને મોંઘા ભાવની ખરીદી કરવી પડશે. મંગળવારે સિંગતેલ લૂઝમાં ૧૫૬૦-૧૫૬૫ના ભાવે ૧૫-૨૦ ટેન્કર, કપાસિયા વોશમાં ૧૪૦૦-૧૪૦૫ના ભાવે ૮-૧૦ ટેન્કર, કંડલા પામમાં ૧૩૩૦- ૧૩૩૫ના ભાવે કામ કાજ નોંધાયા હતા.

# રાજકોટ શહેરમાં ગેરકાયદેસર હોર્ડીંગ ઉભા કરેલા હશે તો પોલીસ ફરિયાદ



## રાજકોટ મનપા દ્વારા ક્રિષ્ના કોમ્યુનીકેશન અને જાનકી એડને નોટીસ ફટકારાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

શહેરમાં કેટલીક ખાનગી મિલ્કત-પ્લોટ પર રાજકોટ મહાનગરપાલિકાની મંજૂરી વિના ગેરકાયેદસર રીતે હોર્ડીંગબોર્ડ ઉભા કરવામાં આવેલ હોવાનું મહાનગરપાલિકાની એસ્ટેટ અને ટીપી શાખાના ધ્યાનમાં આવેલ છે. તાજેતરમાં વાવાઝોડામાં બોર્ડ પડવાના બનાવ બનવા પામેલ છે.

મહાનગરપાલિકા દ્વારા બે એજન્સીઓ ક્રિષ્ના કોમ્યુનીકેશન તથા જાનકી એડને નોટીશ ઇસ્યુ કરવામાં આવેલ છે. મંજૂરી વગરના તમામ બોર્ડ સાત દિવસમાં ઉતારી લેવા જાણ કરવામાં આવી છે. કોઇ કિસ્સામાં ખાનગી મિલ્કત પર મહાનગરપાલિકાની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે હોર્ડીંગ બોર્ડ ઉભા કરવામાં આવેલ હશે તો જે તે મિલ્કતના માલિક, ભાગીદાર, ઓનર્સ, એસોસિએશનના હોદ્દેદારો વિરૂધ્ધ તેમજ બોર્ડ ચલાવતી એજન્સીઓ વિરૂધ્ધ જીડીસીઆરના નિયમોના ભંગ બદલ પગલા લેવામાં આવશે અને પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. વાવાઝોડાથી અતિવૃષ્ટિના કોઇ પણ બોર્ડ પડવાથી જાનમાલની નુકસાની થશે તો તેવા કિસ્સામાં જે તે મિલ્કત માલિક, ભાગીદાર, ઓનર્સ, એસોસિએશનના હોદ્દેદારો તથા બોર્ડ ચલાવનાર એજન્સીની અંગત જવાબદારી રહેશે. મહાનગરપાલિકાની એસ્ટેટ અને ટીપી શાખા દ્વારા જીડીસીઆરના નિયમ અનુસાર શહેરમાં ખાનગી મિલ્કત પર હોર્ડીંગ બોર્ડ ઉભા કરવામાં મંજૂરી આપવામાં આવે છે. તેમ મનપાના આસી. મેનેજર (એસ્ટેટ) દ્વારા જણાવવામાં આવ્યું છે.(૧.૧૧)

કોને કોની સામે અસંતોષ છે? શા માટે છે? એ મુદ્દાઓ સમજવા બંધબારણે બેઠકોનો દોર

# રાજકોટ જિલ્લા કોંગ્રેસમાં સર્જાયેલી આંતરિક જૂથબંધીનો અંત લાવવા પ્રભારીના પ્રયાસો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

**જિલ્લા કોંગ્રેસને વધુ એક ફટકો પડ્યો, અનુસુચિત જનજાતિ મોરચાના સવજી પરમારનું રાજીનામું**

રાજકોટ જિલ્લા કોંગ્રેસમાં એકાએક અસંતોષ અને આંતરિક જૂથબંધીની જ્વાળાઓ ભડકી ઉઠી છે અને એક પછી એક રાજીનામાં પડી રહ્યા છે. રાજકોટ દોડી આવેલા સૌરાષ્ટ્રનાં કોંગ્રેસના પ્રભારી રામકિશન ઓઝાએ શહેર અને જિલ્લાનાં નેતાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી અને આંતરિક અગન જ્વાળાઓને ઠારવા માટે ફાયર ફાઈટર બનીને પરિશ્રમ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. કહેવાય છે કે, શહેર કોંગ્રેસનાં કેટલાક નેતાઓએ પણ પ્રભારી રામકિશન સાથે બંધબારણે બેઠક કરી હતી અને કેટલીક ધગધગતી રજૂઆતો કરી હતી તેમ જાણવા મળ્યું છે. છેલ્લા કેટલાક સમયથી રાજકોટ જિલ્લા કોંગ્રેસમાં રાજકીય આંતરિક અફરાતફરી મચી ગઈ છે જેના પગલે રાજીનામાંઓનો દોર શરૂ થયો છે. બે દિવસ પહેલા રાજકોટ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને લોધિકા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખે હોદ્દા પરથી રાજીનામાં આપી દીધા છે. અનુ.જનજાતિ મોરચાના ચેરમેન સવજી પરમારે રાજીનામું આપી દીધું છે.

આજે રાજકોટ ખાતે કોંગ્રેસનાં સૌરાષ્ટ્રનાં પ્રભારી રામકિશન ઓઝાએ કોંગ્રેસનાં સ્થાનિક નેતાઓ સાથે સંખ્યાબંધ બેઠકો યોજી હોવાનું કહેવાય છે. એકાએક ભડકી ઉઠેલા અસંતોષની જ્વાળાઓને ઠારવા માટે પ્રભારી ફાયર ફાઈટરની અદામાં બધુ ઠારવાની ભરપુર કોશિશો કરી રહ્યા છે. એવું કહેવાય છે કે, શહેર કોંગ્રેસનાં બે અગ્રણી નેતાઓએ પ્રભારી સાથે બંધબારણે બેઠક કરી હતી. બંધ દરવાજા પાછળ શું રજૂઆતો થઇ, કોણે કોને શું કહ્યું, પ્રભારીએ કેટલું સાંભળ્યું અને વળતી શું સલાહ આપી એ વિશે કોઈ વિગતો મળી નથી. પણ પ્રાપ્ત થતા સંકેતો મુજબ આ બંને નેતાઓએ પ્રભારી સમક્ષ કેટલાક મુદ્દાઓ પર હૈયાવરાળ ઠાલવી હોય એવું કહેવાય છે. પ્રભારીનાં રીપોર્ટનાં આધારે પ્રદેશ કોંગ્રેસનાં મોવડીઓ શું અભિગમ અપનાવે છે અને કેવા પગલા લ્યે છે એ આગામી દિવસોમાં સ્પષ્ટ થઇ જશે.(૨.૧૨)

# મિલકત વેરા વળતર યોજનાનો કાલે છેલ્લો દિવસ

## ૨.૮૩ લાખ કરદાતાઓએ રૂ.૧૭૬.૫૬ કરોડનો વેરો ભર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

મહાનગરપાલિકાની વેરા વળતર યોજનાનો કાલે છેલ્લો દિવસ છે. ત્યારે આ મહિનામાં ૧૬ હજાર કરદાતાઓ દ્વારા ૧૭.૯૨ કરોડની આવક થઇ છે. ચાલુ નાણાકીય વર્ષની વેરાની કુલ આવક ૧૭૬.૫૬ કરોડ થઇ છે.


૩૦ મે સુધીમાં દર વર્ષની જેમ પુરૂષ મિલકત ધારકને ૧૦ ટકા અને મહિલા મિલકત ધારકને ૧૫ ટકા રીબેટની યોજના આપવામાં આવે છે. આ વર્ષે ૩૦ મે સુધીમાં મનપાની તિજોરીમાં બેઠા-બેઠા ૧૫૮ કરોડ ઠલવાઇ ગયા હતા.

સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં તા.૩૦ જુન સુધી એડવાન્સ મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકને ૫% અને મહિલા મિલ્કત ધારકને ૧૦% વળતર આપવાનું હાલ ચાલુ છે. જેમાં આજે તા.૨૯ જુન સુધીમાં ૨,૮૩,૩૭૭ કરદાતાઓએ એડવાન્સ મિલ્કત વેરા વળતર યોજનાનો લાભ લીધો છે અને વેરા પેટે કુલ રૂ. ૧૭૬.૫૬ કરોડની રકમ ભરપાઈ કરી છે.

આજ સુધીમાં ૨,૮૩,૩૭૭ કરદાતાઓએ કુલ રૂ.૧૭૬.૫૬ કરોડની રકમ વેરા પેટે ભરપાઈ કરી છે. ૧,૭૬,૦૭૫ કરદાતાઓએ ઓનલાઈન ટેક્સ પેમેન્ટનો લાભ લીધો છે. તેઓએ કુલ રૂ. ૯૭.૫૨ કરોડની રકમ ભરપાઈ કરેલ છે.

૧ જુન થી ૩૦ જુન સુધી વેરાના સંપૂર્ણ રકમ ભરપાઇ કરવા પર ચાલુ વર્ષના માંગણા પર ૫% વળતર આપવામાં આવશે. ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫% વળતર આપવામાં આવ્યુ છે.

# રાજકોટઃ શુક્રવારે જગન્નાથજી નીકળશે નગરચર્યાએ, સુરક્ષા માટે ૧૩૦૭ પોલીસ જવાનોનું અભેદ સુરક્ષાચક્ર



**૨૨ કિલોમીટર રથયાત્રાના રૂટ પર સી.સી.ટી.વી. તથા પ્રહરી વાહન તથા ડ્રોન દ્વારા સર્વેલન્સની કામગીરી કરાશે**



શિસ્ત અને નિયમોનું પાલન કરો, અફવા ઉપર વિશ્વાસ ન કરવો અને પોલીસને સહયોગ કરોઃ ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહની શહેરીજનોને અપીલ

**પોલીસ બંદોબસ્તમાં ખડેપગે રહેશે**
ખાસ પોલીસ કમિશ્નર –૧
નાયબ પોલીસ કમિશ્નર –૨ ,
મદદનીશ પોલીસ કમિશ્નર –૫
પોલીસ ઈન્સ્પેકટર –૧૬ ,
સબ ઈન્સ્પેકટર– ૫૧ ,
મહીલા સબ ઈન્સ્પેકટર –૧૦ ,
એસ.આર.પી. – ૪૦
કોન્સ્ટેબલ , હોમગાર્ડ , ટી.આર.બી.
મળી કુલ ૧૩૦૭ જવાનોનો બંદોબસ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૯

ભગવાન જગન્નાથની રથયાત્રા રાજકોટ સહિત ઉપરાંત અલગ અલગ જિલ્લા શહેરોમાં ૧૮૦ જગ્યાઓ પર રથયાત્રા નીકળવાની છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ દ્વારા તમામ સ્થળે શાંતિપૂર્ણ રીતે રથયાત્રા યોજાય તે માટે એક્શન પ્લાન બનાવ્યો છે. પોલીસ કમિશનર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં રથયાત્રાના બંદોબસ્તની સમીક્ષા કરીને જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારે રથયાત્રાને લઇને આજે પો.કમિશનર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજી પોલીસે માહીતી આપતા જણાવ્યું હતું કે, આગામી શુકવારે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળનાર છે ત્યારે આ રથયાત્રામાં ત્રણ રથ જોડાશે અને આશરે ૫૫ થી ૬૦ જેટલા વાહનો જોડાશે ઉપરાંત યાત્રામાં ૨૦૦૦ થી ૨૫૦૦ ભાવીકો પણ જોડાવાના છે. રથયાત્રાનો રૂટ ૨૨ કિલોમીટરનો રહેશે. રથયાત્રાના પસાર થવાના સમગ્ર વિવિધ મહત્વની અને સ્ટેટીક જગ્યાએ ધાબા પોઇન્ટ, ડીપ પોઇન્ટ સાથે પોલીસના જવાનોનો બાયનોકયુલર અને વોકીટોકી સાથે બંદોબસ્ત ફાળવવામાં આવેલ છે. જે અનુલક્ષીને સુરક્ષાની દ્રષ્ટિએ પોલીસ કમિશનરના માર્ગદર્શનથી ખાસ પોલીસ કમિશનર-૧, નાયબ પોલીસ કમિશનર- ૨, મદદનીશ પોલીસ કમિશનર-૫, પોલીસ ઈન્સ્પેકટર -૧૬, સબ ઈન્સ્પેકટર-૫૧, મહીલા સબ ઈન્સ્પેકટર -૧૦, એસ.આર.પી. - ૪૦ તથા પોલીસ, હોમગાર્ડ, ટી.આર.બી. મળી કુલ ૧૩૦૭ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. રથયાત્રાના રૂટ ઉપર સંવેદનશીલ વિસ્તાર, ગીચ વિસ્તાર તથા સુરક્ષાની દ્રષ્ટિએ મહત્વના હોય તેવા સ્થળો ખાતે સી.સી.ટી.વી. તથા પ્રહરી વાહન તથા ડ્રોન ધ્વારા પુરતું સર્વેલન્સ રાખવામાં આવશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

ગોંડલ પોકસો અદાલતનો ઐતિહાસિક ચુકાદો

# ૧૦ વર્ષની બાળકી પર દુષ્કર્મ કરવાના આરોપીને આજીવન સખત કેદની સજા

## સમાજમાં ક્રિમીનલ સાઇકલોજી અને વિકૃત માનસ ધરાવતા વ્યકિતઓ માટે લાલબતી સમાન હુકમ



સરકારી વકીલ ઘનશ્યામ ડોબરીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ, તા.૨૯

હાલના પ્રવર્તમાન સમયમાં ગુજરાત અને દેશભરમાં ૧૮ વર્ષ થી ઓછી ઉંમરની સગીરવયની બાળકીઓ ને લલચાવી ફોસલાવી તેની સાથે બદકામ કરવા અંગેનાં કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે આવી ક્રિમીનલ સાયકોલોજી ધરાવતા વ્યક્તિઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે નાની કુમળી વયની બાળકીઓમાં મેચ્યોરીટીનો અભાવ હોય તે સ્વભાવિક બાબત છે અને તેના કારણે ગુનાહીત માનસ ધરાવતી વ્યકિતઓ આવી નાની બાળકીઓનું શારીરિક શોષણ વધુને વધુ પ્રમાણમાં કરી રહયા છે. સમાજમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે ક્રિમીનલ સાયકોલોજી ધરાવતા વ્યકિત ભયભીત બને અને આવા બનાવોનું પ્રમાણ ઘટે તે પણ અગત્યનું અને જરૂરી છે.

આવો જ એક બનાવ સ્પટેમ્બર -૨૦૨૧ ના સમયગાળામાં બનેલ રાજકોટ જીલ્લાના કોટડા સાંગાણી તાલુકાના પડવલા ગામની જી.આઈ.ડી.સી.ની ઓરડીમાં ભોગબનનાર બાળકી એકલી હતી ત્યારે સુનીલ જેપાલ અકબંશી જે જી.આઈ.ડી.સી.માં જ કામ કરતો હોય અને ભોગ બનનાર બાળકી ઘરે કયારે એકલી હોય તે બાબત સારી રીતે જાણતો હોય. ગઈ તા.૧૮/૯/૨૧ના રોજ ભોગ બનનાર બાળકી ઉંમર વર્ષ આશરે ૧૦ ની ઓરડીમાં ગેરકાયદેસર રીતે પ્રવેશી તેની એકલતાનો લાભ લઈ ભોગબનનાર બાળકી સાથે બળજબરીપૂર્વક સંભોગ કરેલ અને ત્યારબાદ ભોગ બનનાર બાળકીના પિતાને ભોગબનનાર બાળકીએ સમગ્ર ઘટનાક્રમની જાણ કરતાં તેઓએ આરોપી સુનીલ જેપાલ અરકબંશી વિરૂધ્ધ ગુન્હો કોટડા સાંગાણી પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલ.

ગંભીર બનાવ બાદ પોલીસે આરોપી સુનીલ જેપાલ અરકબંશીની અટકાયત કરી આ ગુન્હાનાં કામે ધરપકડ કરેલ. ત્યારબાદ આ કામના આરોપી સામે ગંભીર ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ. આ કેસ પોકસો અદાલત ગોંડલ ખાતે ચાલી જતા સરકારી વકીલ ઘનશ્યામ કે.ડોબરીયા દ્વારા સરકાર તરફે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ અને ત્યારબાદ સરકાર તરફે કુલ ૧૧ સાક્ષીઓને તપાસવામાં આવેલ. કેસના મૌખીક પુરાવા અને લેખીત પુરાવાની હકીકતને તેમજ સરકારી વકીલ જી.કે.ડોબરીયાની ધારદાર દલીલોને લક્ષમાં રાખી હાલમાં જ બદલી થઈ નિયુકત પામેલ એડીશન્લ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ.ડી.આર.ભટ્ટ (સ્પેશયલ જજ



પોકસો કોર્ટ) એ આ કામના આરોપી સુનીલ જેપાલ અરકબંશીને આજીવન કેદ મૃત્યુપર્યંત ની સજા ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ ઘનશ્યામ કે. ડોબરીયા રોકાયેલા હતા.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.